॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

પ્રકાશન દર માસની ૭ તારીખે સળંગ અંક ૪૭૧, એપ્રિલ–૨૦૨૫, રૂા. ૫.૦૦/–












ભુજ મંદિર સંચાલિત કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક - યુવતી મંડળના યુવા વર્ગ માટે દિનાંક ૨૬ થી ૩૦ ઓક્ટોબર ૨૦૨૫ દરમિયાન આયોજિત ૨૨ મી ભવ્ય સત્સંગ શિબિરમાં ઉપસ્થિત ૨૫૦૦ થી વધુ યુવાનો યુવતીઓ, ૫૦ થી વધુ સંતો અને ૭૦ થી વધુ સાં. યો. બહેનો પાંચ દિવસ લાભ લઈ ધન્યતા અનુભવી હતી. કન્યાવિદ્યા મંદિર, મિરજાપર ભુજ

ભુજ મંદિર સંચાલિત કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક - યુવતી મંડળના યુવા વર્ગ માટે
દિનાંક ૨૬ થી ૩૦ ઓક્ટોબર ૨૦૨૫ દરમિયાન આયોજિત ૨૨ મી ભવ્ય
સત્સંગ શિબિરમાં ઉપસ્થિત ૨૫૦૦ થી વધુ યુવાનો યુવતીઓ, ૫૦ થી વધુ સંતો અને
૭૦ થી વધુ સાં. યો. બહેનો પાંચ દિવસ લાભ લઈ ધન્યતા અનુભવી હતી. કન્યાવિદ્યા મંદિર, મિરજાપર ભુજ











ભારતીય જનતા પાર્ટી દ્વારા નવનિયુક્ત પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા પ્રથમ વખત કચ્છ જિલ્લાની મુલાકાતે આવ્યા ત્યારે ભુજ મંદિરમાં શ્રી નરનારાયણદેવના દર્શન કરી મહંત સ્વામીના આશીર્વાદ લીધા હતા.



શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભવનમાં વિલેપાર્લા મુંબઇ પધારેલા પૂજ્ય મહંત સ્વામી શ્રી સાથે સંચાલક સંતો હરિભક્તો. મુંબઈ





પૂજ્ય મહંત સ્વામી યુ. કે. ના ટૂંકા સત્સંગ વિચરણમાં પધારેલા ત્યારે
શ્રી સ્વામિનારાયણ મંદિર વિલ્સડન તથા શ્રી ક. સ. સ્વામિનારાયણ મંદિર કેન્ટન હેરો. લંડન

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै : ॥


પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ વર્ષ-૧૮ કુલ અંક-૨૦૪

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૨૫ અંક-૧૦ નવેમ્બર-૨૦૨૫
વર્ષ : ૪૦ - સળંગ અંક-૪૭૯

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

:: સંસ્થાપક ::
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

:: માલિક ::
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

:: પ્રકાશક અને મુદ્રક, પ્રસિદ્ધ ::
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
તીર્થધામ ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપવી ભુજ-કચ્છથી પ્રસિદ્ધ કર્યું.

:: તંત્રી ::
શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

:: સહતંત્રી ::
શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી



:: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ ::
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ માર્ગ,
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ,
ભુજ-કચ્છ પીનઃ ૩૭૦૦૦૧.
મો. ૭૫૬૭૬૦૪૦૦૦
E-mail:- sandesh@swaminarayan.faith
E-mail:- info@swaminarayan.faith
Website:- www.swaminarayan.faith



શ્રી શિક્ષાપત્રી
દ્વિશતાબ્દી મહોત્સવ
તા. ૨૦ થી ૨૪ જાન્યુઆરી-૨૦૨૬
આયોજક : શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ




ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

## અનુક્રમણિકા


| | |
|---|---|
| તંત્રીની કલમે | ૪ |
| લેખ | ૫ |
| સત્સંગ સમાચાર-દેશ | ૬ |
| શ્રી ઘનશ્યામ બાળસંદેશ | ૨૮ |


### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.


- અંક દર માસે નિયત સમયે પ્રસિદ્ધ થશે.
- પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.

**વિદેશમાં**
આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

**દેશમાં**
આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

# તંત્રીની કલમે

**"વ્યસ્ત અને ત્રસ્ત માનવીને મસ્ત બનાવતો અદ્‌ભુત ગ્રંથ વચનામૃત"**

માગસર સુદ ચોથના વચનામૃત ગ્રંથની ૨૦૬ મી જયંતી છે.

વચનામૃત એટલે કાળના ધુમ્મસને ભેદીને શ્રીસ્વામિનારાયણ ભગવાન અને પરમહંસોની આધ્યત્મ જ્ઞાનગોષ્ઠી છે અને તે અપૂર્વ ધર્મગ્રંથ પણ છે. તેજના પ્રવાહરૂપ શ્રીસ્વામિનારાયણ ભગવાનની આ પરાવાણીને ઝીલનારા ત્યારના સંતો-ભક્તો હતા.

માયા કોને કહેવાય ? દેહને અહંબુદ્ધિ અને દેહસંબંધી પદાર્થને વિશે મમત્વબુદ્ધિ એજ માયા છે. ને એ માયાને જેણે ટાળી તે માયાને તર્યો કહેવાય. અને એ માયાને ટાળીને ભગવાનમાં પ્રીતિ કરવી એટલો સર્વે શાસ્ત્રનો સિદ્ધાંત છે.

વચનામૃત ગ્રંથ સાદી અને સરળ ઘરગથ્થુ ભાષામાં છે. તેથી સામાન્ય માણસ પણ તે સમજી શકે છે. આ ગ્રંથની વિશિષ્ટતા અંગે હર્વર્ડ યુનિવર્સિટી અમેરિકાના પ્રોફેસર જહોન કાર્ઝેન કહે છે, ''દરેક વચનામૃતમાં ચોક્કસ તારીખ અને સ્થળ તથા શ્રોતાઓ આપેલા છે.''

વચનામૃતમાં ભક્તનું કલ્યાણ, માયાનું વિવરણ, ભગવાન પાસેથી શું માંગવું તે, માનવદેહ પડ્યા પછી તેની ગતિ સરળતાથી સમજાવ્યાં છે. તદુપરાંત તમામ સનાતન ધર્મના શાસ્ત્રોના ગૂઢતમ રહસ્યો જણાવીને સરળ સમજણ પણ આપી છે.

વચનામૃત એટલે કાળના ધુમ્મસને ભેદીને શ્રીસ્વામિનારાયણ ભગવાને પરમહંસો સાથે કરેલી આધ્યત્મ જ્ઞાનગોષ્ઠી, આત્મિયગોષ્ઠી સુણાવતો અપૂર્વ ગ્રંથ છે. શ્રીસ્વામિનારાયણ ભગવાનની આ પરાવાણીને ઝીલનારા પરમહંસો પણ લક્ષ્યવેધી મહર્ષિઓ હતા. તેઓ શબ્દવેધી હોઈ અમૃત પ્રવાહને ઝીલ્યો, હૃદયસ્થ કર્યો અને ઘરેલુ પાંચ સંતો સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી, સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી, સદ્‌ગુરુ નિત્યાનંદ સ્વામી, સદ્‌ગુરુ શુકાનંદ સ્વામી, સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીએ અદ્‌ભુત રચના કરી છે. અને આ ગ્રંથ સૌ સરળ રીતે સમજી શકે તે માટે તેના સારાંશ સરળ ભાષામાં કરેલ છે.

**"શિક્ષાપત્રી વચનામૃત સંઘ સંઘ દોડે, માનવમાત્રને મન-બુદ્ધિથી જોડે;**
**ભણે, ભણાવે તે જ અજ્ઞાન તોડે, બાકી બધા વ્યર્થ હાંફલ હુંફલ દોડે...!"**

# શિક્ષાપત્રી શ્લોક - ૯૯

હિંમતભાઈ ઠક્કર 'રઘુવંશી' - ભુજ




**દશમઃ પંચમઃ સ્કંધૌ યાજ્ઞવલ્ક્યસ્ય ચ સ્મૃતિઃ ।**
**ભક્તિશાસ્ત્રં યોગશાસ્ત્રં ધર્મશાસ્ત્રં ક્રમેણ મે ॥**

મારા આશ્રિતો હોય તેમણે, દશમ સ્કંધ, પંચમ સ્કંધ અને યાજ્ઞવલ્ક્યઋષિની સ્મૃતિ આ ત્રણે ગ્રંથોને અનુક્રમે અમોએ માન્ય કરેલ ભક્તિશાસ્ત્ર, યોગશાસ્ત્ર અને ધર્મશાસ્ત્ર જાણવાં. અર્થાત્ દશમ સ્કંધ છે એ ભક્તિશાસ્ત્ર છે. પંચમ સ્કંધ છે એ યોગશાસ્ત્ર છે. અને યાજ્ઞવલ્ક્યઋષિની સ્મૃતિ એ ધર્મશાસ્ત્ર છે એમ જાણવું.

**"સત્ય સદાસર્વદા સ્થિત ઔર સાસ્વત, જૂઠ કે નટખટ ભ્રમિત રૂપ હૈં;**
**બાર બાર બદલો, અંદર વહી રૂપ હૈ; સત્ય કે એક બાર મેં ભી અનેક રૂપ હૈ."**

શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે દશમ સ્કંધ એ ભક્તિશાસ્ત્ર છે, એમ શ્રીજીમહારાજે શા માટે કહ્યું ? તેના પ્રત્યુત્તરમાં કહે છે કે, માહાત્મ્ય જ્ઞાનપૂર્વક ભગવાન વિશે જે અતિશે સ્નેહ તેને ભક્તિ કહેલી છે, અને એ ભક્તિ તો દશમ સ્કંધમાં સર્વત્ર ભગવાનને વિશે ગોપીઓના સ્નેહરૂપે વર્ણવેલી છે.

**"મીરાં કી ભક્તિ જૈસા, એકતારા તનતનાઓ; નરસિંહ મહેતાકી મશાલ સે, રાસલીલા કે દર્શન પાઓ."**

શ્રીકૃષ્ણના ભગવાન સ્વરૂપનું જ્ઞાન ગોપીઓને નહોતું તો તેમને ભક્તિ કેવી રીતે ઉત્પન્ન થઈ ? આ પ્રશ્નના ઉત્તરમાં ભાષ્કાર શતાનંદમુનિ કહે છે કે, જ્ઞાન વિના પણ ભક્તિની સ્વતંત્રપણે પ્રવૃત્તિ થાય છે એમ તમે જાણો.

**" ઉદ્ધવ-કૃષ્ણ સંવાદ પરમ જ્ઞાન હૈ, કૃષ્ણ તો સત, ચિત્ત, આનંદ હૈં.**
**જાનના ન જાનના તો મન, બુદ્ધિ કા, સત્સંગી કો ભ્રમિત કરતા ખેલ હૈ;**
**અનન્ય ભાવયુક્ત એકાંતિક ભક્તિ, હી ભક્ત-ભગવાન કા મેલ-મિલાપ હૈ."**

ભાગવત કથા સુનતે સુનતે પરીક્ષિત રાજાકી શંકા કા સમાધાન કરતે શુકદેવજીએ કહ્યું કૃષ્ણને ગોપીઓ પરબ્રહ્મરૂપે જાણતી ન હતી છતાં જન્મેલાં મનુષ્યના કલ્યાણ માટે કોઈ કામભાવે, ક્રોધભાવે, ભયભાવે, સ્નેહભાવે, પુત્રભાવે, મિત્રભાવે ધારણ કરે તો એ બધા નિર્ગુણપણાને પામે છે. ભગવાન અવતારી મનુષ્યરૂપે રહેલાં હોય છતાં એ નિર્ગુણ છે.

ચાલો હજી પણ ઊંડાણમાં ગોતું લગાવીએ. પંચમ સ્કંધ એટલે યોગશાસ્ત્રનું બેનમુન વર્ણન. યોગશાસ્ત્રના આદિ આચાર્ય હિરણ્યગર્ભઋષિએ ભગવાન નારાયણને વિશે ચિત્તવૃત્તિનો જે નિરોધ થયો એજ યોગ છે.

વળી પતંજલિએ કહેલાં ચિત્તવૃત્તિ નિરોધયોગના બે પ્રકાર જણાવેલા છે. હઠયોગ અને રાજયોગ. તેમાં પ્રાણાયામાદિકે કરીને પ્રથમ પ્રાણનો નિરોધ થવો એ 'હઠયોગ' કહેલો છે. અને પરમાત્માનું ચિંતન કરતાં ચિત્તની વૃત્તિનો જે નિરોધ થવો તેને 'રાજયોગ' કહેલ છે. **"પંચમ સ્કંધની આકાશીય ઉત્તુંગતા, આફરીન હો જાઓ ક્યા બાત હૈ.! પ્રિયવ્રત, અગ્નિધ્ર, નાભિરાજા; ભરતજી યોગીઓ મેં યોગી વિખ્યાત હૈં.!"**

વળી ઈલાવ્રતાદિ તે તે ખંડને વિશે શિવ, ભદ્રશ્રવા, પ્રહ્‌લાદ, લક્ષ્મીજી અને પૃથ્વી આદિક

ભક્તોનો સંકર્ષણ, હયગ્રીવ, નૃસિંહ, નારાયણ અને વરાહ આદિક ભગવાનના સ્વરૂપોને વિશે ચિત્તની વૃત્તિના નિરોધરૂપ યોગ, આ પંચમ સ્કંધને વિશે પ્રતિપાદન કરેલાં છે. અને વળી શુકદેવજીએ પણ 'યદિ દં યોગાનુશાસનમ્' આ સૂત્રનો સમાવેશ કરીને 'દેહલીદીપકના' ન્યાયથી સંપૂર્ણ પંચમ સ્કંધનું યોગશાસ્ત્રપણું સૂચવેલું છે.

અને યાજ્ઞવલ્ક્ય સ્મૃતિની અંદર આચાર, વ્યવહાર, પ્રાયશ્ચિત, વ્રતો, કાલ અને કર્મના ફળો આમ છ પ્રકારે ધર્મનું લક્ષણ વર્ણવેલું છે. આ રીતે શ્રીજીમહારાજે દશમ સ્કંધને ભક્તિશાસ્ત્ર અને પંચમ સ્કંધને યોગશાસ્ત્ર તથા યાજ્ઞવલ્ક્ય સ્મૃતિને ધર્મશાસ્ત્ર પ્રમાણપૂર્વક માનેલું છે. આવો અભિપ્રાય છે...માટે સાવધાન સત્સંગીઓ

**"અહીં તહીં દોડંદોડ કરતા ! ક્યાંથી આવ્યા,**
**કેવું જ્ઞાન ભરી લાવ્યા ?**
**આપની કોઇ મજાલ ખરી સેવકો ? સંસારીઓને**
**મહાયોગી કરી શકશો ?**
**અવતારોના અવતારી સ્વંય શ્રીહરિ, 'યોગ'**
**સમજણનો દરિયો ઘૂઘવી રહ્યા છે..!**

# સત્સંગ સમાચાર - દેશ

## કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી મંડળ આયોજીત "મારી વાણી મારું સ્વરૂપ" બાવીસમી સત્સંગ શિબિર

મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી આદિ વડિલ સંતોના આશીર્વાદ દર વર્ષે નૂતન વર્ષના પ્રારંભમાં જ શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી મંડળની પાંચ દિવસીય શિબિરનું આયોજન કરવામાં આવે છે. જેમાં હજારો યુવાનો તથા યુવતીઓ ઉત્સાહભેર ભાગ લે છે.

આ વર્ષે તા.૨૬/૧૦/૨૦૨૫ થી તા.૩૦/૧૦/૨૦૨૫ સુધી બાવીસમી સત્સંગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૯૦૦ યુવાનો અને ૧૫૦૦ યુવતીઓએ ભાગ લીધો હતો. અને ૫૦ જેટલા સંતો તથા ૭૦ જેટલા સાં.યો.બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં.

શુભારંભ :- તા.૨૬/૧૦ ના બપોરપછી સૌ યુવાનો શિબિર સ્થળે પહોંચી આવ્યા હતા. તા.૨૬/૧૦ ના વહેલી સવારે નિત્યવિધિ બાદ અલ્પાહાર કરીને સર્વે યુવાનો ઠાકોરજી તથા પુજ્ય મહંત સ્વામી આદિ સંતોના સ્વાગત માટે સંકૂલના મુખ્યદ્વારે પહોંચ્યા હતા. ઠાકોરજીની પાલખી સાથે સૌ સંતો અને ભક્તો સભામંડપમાં ધૂન ગાતા ગાતા પધાર્યા. બાદ ૧૦૦ થી વધારે સંતોની ઉપસ્થિતિમાં પૂજ્ય મહંત સ્વામી આદિ વડિલ સંતોના વરદ્‌હસ્તે બાવીસમી "મારી વાણી મારું સ્વરૂપ" સત્સંગ શિબિરનું દીપપ્રાગટ્ય થતાં તાળીઓના ગડગડાટ તથા





જયઘોષની સાથે આખુંય વાતાવરણ ગુંજી ઉઠ્યું. દીપપ્રાગટ્ય બાદ મહંત સ્વામી, ઉપમહંત સ્વામી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ નાના મોટા દરેક સંતોનું પુષ્પહારથી સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ પૂજ્ય મહંત સ્વામીએ વાણીરૂપે પોતાનો રાજીપો તથા આશીર્વાદ સૌ શિબિરાર્થીઓ ઉપર વરસાવેલો હતો.



ત્યારબાદ બાવીસમી શિબિરનું થીમ કીર્તન "માધુરી મૂર્તિ છે પ્યારી રે" તેનું મ્યુઝીકલ વિડિયો દ્વારા વિમોચન કરવામાં આવ્યું હતું. જે કીર્તન સવાર-સાંજ નિત્ય ગાવવામાં આવતું હતું.




વ્યાખ્યાન માળા :- પ્રથમ દિવસે સવારના સત્રમાં શાસ્ત્રી સ્વામી ગોલોકવિહારીદાસજીએ "વાણી વિવક" એ વિષય ઉપર વ્યાખ્યાન કર્યું. સ્વામીએ જણાવ્યું હતું કે ભગવાને મનુષ્યને અદ્‌ભુત વાણી આપેલી છે કે જે બીજા પ્રાણીઓને નથી આપેલી. વાણીમાં શક્તિ અઘાત રહેલી છે અને માત્ર વાણીથી ઘણું બધું સારું કાર્ય પણ થઈ શકે છે, પણ એજ વાણી વિવેક વિના વાપરવામાં આવે તો બહુ મોટું નુકશાન થઈ શકે છે. અનેક ઉદાહરણો આપી સ્વામીએ સત્સંગીઓ માટે કેવું બોલવું, ક્યારે બોલવું અને ક્યારે ન બોલવું એવો વાણી વિવેક સમજાવેલો.



પ્રેઝન્ટેશન :- પ્રથમ દિવસના દ્વિતીય સત્રમાં શાસ્ત્રી સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજીએ "જીવ" વિષય પર ખૂબ જ રસપ્રદ દૃષ્ટાંતો અને પ્રયોગો દ્વારા જીવનું અસ્તિત્વ છે કે નહીં ? છે તો કેવું છે, ક્યાંથી આવ્યું, ક્યાં જવાનું છે ? અને ન હોય તો શું એની સાબિતી ? એવા અનેક રહસ્યાત્મક મુદ્દાઓ ઉપર સ્વામીએ વાસ્તવિક ઘટનાઓ અને શાસ્ત્રના પ્રમાણોથી વિશ્લેષણ કરેલું હતું.



બીજા દિવસે સવારના સત્રમાં સ્વામી નિર્ભયસ્વરૂપદાસજીએ "આર્થિક નિતી" એ વિષય લઈને સહજાનંદ સ્વામીએ લખેલી શિક્ષાપત્રીમાં કઈ રીતે કમાવવું, કેવી રીતે વ્યવહાર કરવો, પોતાના ધન-સંપત્તિ કેવી રીતે સુરક્ષિત રાખવાં, પશુ ધન કેવી રીતે સાચવવું અવી અનેક બાબતો ઉપર આજ્ઞા કરેલી છે. એના ઉપર સ્વામીએ આધુનિક સમય પ્રમાણે વિશ્લેષણ કરેલું હતું.



એજ દિવસે રાત્રીના સત્રમાં શાસ્ત્રી સ્વામી પ્રેમવલ્લભદાસજીએ "માયા" એ વિષય ઉપર પ્રકાશ પાથર્યો હતો. પ્રેક્ટિકલ પ્રયોગો દ્વારા સ્વામીએ માયા એટલે શું ?, માયા કેવી છે ?

અને માયાનું રૂપ શું છે ? એ પ્રેઝન્ટેશન દ્વારા સમજાવેલું હતું.




ત્રીજા દિવસે "બ્રહ્મ અને પરબ્રહ્મ" એ વિષય લઇને સ્વામી આનંદસ્વરૂપદાસજીએ વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણનું ૨૧ મું અને ગઢડા મધ્યનું ત્રીજું, એના માધ્યમથી બ્રહ્મના લક્ષણો સમજાવેલ તેમજ પરબ્રહ્મના અસાધારણ લક્ષણો જેમાં ૧-અંતર્યામીપણે નિયમન, ૨-સ્વતંત્રપણું અને સર્વકર્મ ફળપ્રદાતાનું પ્રતિપાદન કરેલું હતું.



ત્રીજા દિવસે શાસ્ત્રી સ્વામી તીર્થમુનિદાસજીએ શિક્ષાપત્રીમાં શારીરિક તેમજ માનસિક આરોગ્ય સંબંધી શ્લોકોનું પ્રેઝન્ટેશન દ્વારા વિશ્લેષણ કરેલું હતું. સ્વામીએ વૈજ્ઞાનિક દૃષ્ટિએ સ્પષ્ટતા કરેલી હતી કે શ્રીજીમહારાજની આજ્ઞાનું પાલન કરવાથી કઇ રીતે શારીરિક અને માનસિક ફાયદા થાય છે. તેમજ બજારમાં રંધાતી અનેક વસ્તુઓનું વાસ્તવિક સ્વરૂપ વિડિયો અને પ્રયોગો દ્વારા પ્રકાશિત કરેલું હતું.




ચોથા દિવસે "પારિવારિક વ્યવહાર" એ વિષય લઇને સ્વામી પરમહંસદાસજીએ જણાવેલું હતું કે પરિવાર એ ઘડતરનું કામ કરે છે. એ આપણું ગૌરવ છે અને આપણી શોભા છે. પરિવાર વિનાનો માણસ ભલે વિદ્વાન હોય, ધનવાન હોય પણ એ અધૂરો છે. જેમ સારી વસ્તુના સર્જન માટે કળા જોઇએ તેમ સારો પરિવાર બનાવવો એ એક કળા છે. એવી કળા શીખવી કે તમારો પરિવાર જોઇને બીજાને પ્રેરણા મળે. સ્વામીએ કેટલીક બાબતોની સાવધાની રાખવાની વાતો કરી હતી જેમ કે સંતાનો અને માતાપિતા વચ્ચે કેવો વ્યવહાર રાખવો.



ચોથા દિવસના બીજા સત્રમાં શાસ્ત્રી સ્વામી કુંજવિહારીદાસજીએ "વિશિષ્ટાદ્વૈત" ઉપર પ્રેઝન્ટેશન કરેલું હતું. ૧-મત એટલે શું ?, ૨-શા માટે સ્વામિનારાયણ ભગવાને વિશિષ્ટાદ્વૈત મત સ્વીકાર્યો ? ૩-વિશિષ્ટાદ્વૈત મતનો અર્થ શું છે ?, ૪-ઉત્પત્તિ અને પ્રલય અવસ્થામાં પરમાત્મા કેવી રીતે રહે છે ?, ૫-વિશિષ્ટાદ્વૈત મતમાં સ્વામી-સેવક ભાવ શું છે ? આટલા મુદ્દાઓ સ્વામીએ શાસ્ત્રના પ્રમાણો દ્વારા વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત સમજાવ્યો હતો.



પાંચમા દિવસે શાસ્ત્રી સ્વામી સંતસ્વરૂપદાસજીએ "સેવા" એ વિષય લઇને અનેક મુદ્દાઓ ઉપર વિશ્લેષણ કરેલું હતું, જેમ કે ૧- સેવા એટલે શું ?, ૨-સેવાનું ફળ, ૩-સેવા શું હોવી જોઇએ ?, ૪-સેવા કેવી રીતે કરવી જોઇએ ?, ૫-સેવાના પ્રકાર, ૬-સેવા કયા ભાવથી કરવી ?, અને ૭-સેવામાં આવાનારા વિઘ્નો.

ગ્રુપ ચર્ચા તથા મુક્ત ચિંતવન :- અમુક વ્યાખ્યાનમાળા તથા પ્રેઝન્ટેશન બાદ ગ્રુપ ચર્ચા કરવામાં આવી હતી. જેનું સંચાલન શાસ્ત્રી સ્વામી હરિસ્વરૂપદાસજીએ કરેલું હતું. આપેલ પ્રશ્નો ઉપર




ચિંતવન કરી ગ્રુપના પ્રતિનિધિ દ્વારા મુદ્દાઓ રજૂ કરવામાં આવતા. જેમ કે ૧-કઠોરવાણીનાં વાક્યો અને તેનાથી થતું ધાર્મિક, સામાજિક, પારિવારિક, આર્થિક નુકશાનો. ૨-કઠોરવાણી બોલવી જોઇએ કે નહીં ? બોલવી તો ક્યારે બોલવી જોઇએ ? ૩-



આપણે કઈ કઈ વાતે અજુગતું બોલીએ છીએ ? ૪-જો આત્મા તત્ત્વ ન હોય તો જીવન કેવી રીતે જીવવું ? ૫-જો આત્મા હોય તો સારું જીવન કેવી રીતે જીવવું? ૬-આપણા ઘરમાં બિનજરૂરી અને દેખાદેખીથી કેટલો ખર્ચ થાય છે ? ૭-આપણા ઘરમાં કેટલું ધન અથવા પદાર્થ અનિતિનું આવે છે ? ૮-મને મંદિરમાં અને સભામાં જવા માટે કયા કયા પ્રતિબળો રોકે છે? ૯-મારા માટે નુકશાનકારી એવી ચીજવસ્તુ કઈ કઈ ખાઉં છું ? ૧૦-જગડા અને કુસંપના કારણો, ૧૧-જગડા ન થાય એના ઉપાય. આવા અનેક જીવંત પરિસ્થિતિ ઉપર ચિંતવન કરવામાં આવતું.

તેવી જ રીતે યુવાનો અને યુવતીઓને મનમાં જે કાંઈ પ્રશ્ન મુંઝવતા હોય તે ચિઠ્ઠીમાં લખીને પૂછી શકતા હતા, જેનું સમાધાન પુજ્ય વડિલ સંતો દ્વારા કરવામાં આવતું.

નિત્ય-નિયમ :- દરરોજ વહેલી સવારે પ્રાતઃકાળે ૫:૦૦ વાગ્યે ઊઠી ધ્યાન-સ્નાન કરીને સૌ યુવાનો પૂજા કરવા સભામંડપમાં આવી જતા. ત્યારબાદ આરતી-ધૂન-સ્તુતિ કરી શિક્ષાપત્રીની કથાવાર્તા કરવામાં આવતી. પ્રથમ દિવસે વિદ્યાર્થી સંત સ્વામી હરિપ્રિયદાસજીએ શિક્ષાપત્રીના ૧૩૯ માં શ્લોકની કથાનું શ્રવણ કરાવેલું હતું. બીજા દિવસે સમૂહ શિક્ષાપત્રીનું પૂજન કરવામાં આવેલું હતું. ત્રીજા દિવસે વિદ્યાર્થી સંત સ્વામી મુકુંદદાસજીએ શિક્ષાપત્રીના ૧૯ માં શ્લોકની કથાનું શ્રવણ કરાવેલું હતું. ચોથા દિવસો શાસ્ત્રી સ્વામી ઈશ્વરપ્રિયદાસજીએ શિક્ષાપત્રીના ૬૭ માં શ્લોકની કથાનું શ્રવણ કરાવેલું હતું. પાંચમા દિવસે વિદ્યાર્થી સંત સ્વામી સ્વયંપ્રકાશદાસજીએ શિક્ષાપત્રીના ૬૮ માં શ્લોકની કથાનું શ્રવણ કરાવેલું હતું.

સાંજે નિત્ય સંધ્યા આરતી તથા સ્તુતિ પ્રાર્થના બાદ સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી રચિત પુરુષોત્તમપ્રકાશ અંતર્ગત ૨૩ માં પ્રકરણનું સમૂહ ગાન કરવામાં આવતું, જેમાં સ્વામીએ અદ્‌ભુત સહજાનંદ સ્વામીનો મહિમા વર્ણવેલો છે.

ભોજન પ્રસાદ :- સવારની સભા પૂર્ણ થયા પછી સૌ યુવાનો રસોડા વિભાગમાં અલ્પાહાર, બપોરે માનસીપૂજા કર્યા પછી ભોજન અને સાંજે વાળુ કરવા જતા હતા. હરિભક્તોના રસોડાની સેવા



સંભાળતા સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી તેમજ સાથી સંતો-ભક્તો વિવિધ પ્રકારની વાનગીઓ બનાવીને સૌ યુવાનોને ભોજન પ્રસાદનો આનંદ પમાડતા.

રક્તદાન :- આ શિબિરમાં રક્તદાનનું આયોજન રાખવામાં આવ્યું હતું. શિબિર દરમિયાન અનેક સંતો અને યુવાનોએ આ અદ્‌ભુત સેવાનો લાભ લીધો હતો જેના વડે ૪૦૦ થેલીથી વધારે રક્તદાન થયેલું હતું.






સભા સંચાલકે જણાવેલું હતું કે આ આયોજનની વિશેષતા એ છે કે, આપણું આપેલું લોહી એ ડાયરેક્ટ આપણા હરિભક્તોને લાભ મળશે. તેમજ આ આયોજન શિબિર પુરતું નથી, પરંતુ કાયમ માટે ચાલુ રહેશે. અને તેના કોન્વિનર સ્વામી કપિલમુનિદાસજી સાથે ડો.જગદીશભાઈ હાલાઈ, ડો.સુરેશભાઈ હિરાણી, ડો.હરીશભાઈ વરસાણી તથા હરીશભાઈ પાધરાની નિયુક્તિ કરવામાં આવેલ છે.

પ્રવચન તથા આશીર્વાદ બિંદુઓ :-



૧-ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી :- “જેમ શ્રીજીમહારાજ હાથમાં ગુલાબ રાખે છે કારણ કે, તેમાંથી સુગંધ આવે છે, તેમ આપણા જીવનમાંથી પણ સુગંધ આવવી જોઈએ. આ સત્સંગના બગીચામાં તમે સર્વે એક એક પુષ્પ છો, અને આ સંતો અને સાં.યો.બહેનો એ બગીચાના માળી છે, કોઈપણ પુષ્પમાં ઘડો ન પડી જાય તેનું ધ્યાન રાખે છે. આપણામાં એવી ખુમારી હોવી જોઈએ કે જેમ હું આ સત્સંગનો લાભ લઉં છું, તેમ બીજાને પણ આ લાભ અપાવું.”



૨- સદ્‌ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત :- “દુનિયામાં જ્યાં જ્યાં આપણા યુવાનો વસે છે ત્યાં આપણા યુવાન સંતો જાય છે. નજીક કે દૂર તેની સામે જોતા નથી. નવી નવી જગ્યાઓ શોધીને ત્યાં પણ જાય છે. ત્યાં જઈને સભાઓ કરીને ઘણા યુવાનોને સત્સંગ તરફ વાળ્યા છે. આ શિબિરમાં તેનું પરિણામ જોવા મળે છે.”



૩-સદ્‌ગુરુ સ્વામી શ્રીહરિદાસજી :- “આ શિબિરમાં સંતો જે વિષયો ઉપર વાતો કરે છે, તે અક્ષરધામના બીજ છે, તે આપણા હૃદયરૂપ ભૂમિમાં રોપે છે. પરંતુ આપણું હૃદય કેવું છે ? જ્યાં સુધી કોઈ પણ માયાનો ભાવ આપણા હૃદયમાં છે ત્યાં સુધી અક્ષરધામરૂપ ફળ મળતું નથી. માટે માયાથી પર થવું પડશે. આત્મભાવ કરીને ભજન-ભક્તિ કરવી. ધ્યાનરૂપ અને આજ્ઞારૂપી અગ્નિ દ્વારા કારણ શરીરને બાળી ભગવાન સુધી પહોંચાશે.”



૪-સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજી :- “મહારાજે વરદાન આપેલું છે કે મારી નાની-મોટી આજ્ઞાનું પાલન કરે છે તો આ લોકમાં અને પરલોકમાં મહા સુખિયા થાય છે. શિક્ષાપત્રીની આજ્ઞાઓ તે લક્ષ્મણરેખા છે, જ્યાં

સુધી આપણે એની અંદર છીએ ત્યાં સુધી આપણે સુરક્ષિત છીએ, પણ એને ઉલંઘવાથી ખતરો ઘણો છે.''



૫-સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરસ્વરૂપદાસજી :- ''અનાદિકાળથી જીવાત્માને માયાનો કાટ લાગ્યો છે. જેમ સો મણનો લોખંડનો લાલચોળ ગોળો એક પાણીના લોટાથી ઠરે નહીં, પરંતુ મોટા સરોવરમાં નાખવો પડે, તેમ ચાલો ચાલ સત્સંગ કરવાથી જીવાત્માને લાગેલો કાટ નીકળે નહીં પરંતુ અતિ વેગથી અને સાવધાનપૂર્વક સત્સંગ કરવો પડે.''



૬-સદ્‌ગુરુ સ્વામી મહાપુરુષદાસજી :- ''એક હરિભક્ત મહારાજનું માન્યું નહીં અને પોતાના ગામ તરફ જવા રવાનો થયો, પણ રસ્તામાં ગધેડો આડો નીકળ્યો, અને અપશુકન સમજીને પાછો વળ્યો. એ હરિભક્તે મહારાજનું ન માન્યુ, પણ ગધેડાનું માન્યું ! આપણું પણ આવું ન થાય અને એક એક મહારાજની આજ્ઞાનું પાલન થાય એવી તકેદારી રાખવી.''



૭-સદ્‌ગુરુ સ્વામી વિશ્વવલ્લભદાસજી :- ''શિક્ષાપત્રી એ મા છે, મા પોતાના સંતાનની આંગળી પકડીને બધી બાબતો શીખવાડે છે, તેમ શિક્ષાપત્રી પણ સમગ્ર દિનચર્યા શીખવાડે છે. શિબિરનું પ્રયોજન એ છે કે આપણો આહાર અને વિહાર પવિત્ર બને, માટે બહારની ખાણીપીણીથી દૂર રહેજો તો આ શિબિરની સફળતા છે.''

૮-સદ્‌ગુરુ સ્વામી દેવપ્રકાશદાસજી :- ''નવયુવાન સંતો બહુ મહેનત કરે છે, એના દાખડા




સામે જો જો. આ વર્ષની શિબિર ખાસ કરીને શિક્ષાપત્રી દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં રાખવામાં આવી છે. અને તેના નિમિત્તે ૨૦૦ પ્રદક્ષિણાઓ, ૨૦૦ દંડવત્ આદિક અનેક આયોજનોમાં લાભ લેજો.''



૯-સદ્‌ગુરુ સ્વામી પરમહંસદાસજી :- ''અમારા આ નાના સંતોમાં ભગવાન શ્રીનરનારાયણદેવ બળ પ્રેરે છે. કલ્પનાથી બહાર નાના સંતો અઘરા વિષયો સહેલાઈથી સમજાય એવી રીતે રજૂ કર્યા છે, મને એવા સંતો પ્રત્યે અહોભાવ વર્તે છે. શિબિરમાં ઘણા બધા બહેનો આવ્યા છે, તે ગૃહિણી છે, તેમાં શક્તિ અઘાત છે, તે ધારે તે રીતે પરિવારને બનાવી શકે છે, આખા પરિવારને અક્ષરધામ સુધી પહોંચાડી શકે છે. એવી શક્તિ એક એક પરિવારના સભ્યમાં છે.''



૧૦-સદ્‌ગુરુ સ્વામી સરયુદાસજી :- ''ભગવાનના ધામમાં જવું છે એટલે શિક્ષાપત્રીની એક એક આજ્ઞાનું પાલન કરવું પડશે. 'આટલી આજ્ઞાનું પાલન નહીં કરીએ તો ચાલશે' એ વાત ભૂલી જજો. આ છેલ્લો જન્મ કરવો હોય અને ફરી માતાના ઉદરમાં ન આવવું તો એલર્ટ(સાવધાન) રહેજો.''



૧૧- શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજી :- ''મહારાજે શિક્ષાપત્રી લખી તેને ૨૦૦ વર્ષ થવા જઈ રહ્યા છે. આ ૨૧મી સદીમાં પણ તેમ જ ૨૨મી કે ૨૫મી સદીમાં પણ તો શિક્ષાપત્રી નવી ને નવી જ રહેવાની છે. દર વર્ષે

આપણે શિબિર કરીએ છીએ, આવીએ છીએ અને પાછા નીકળી જઈએ છીએ. આ માત્ર શૂષ્ક રૂટિન બની ન જવું જોઈએ, પરંતુ આપણી આ મોટામાં મોટી પ્રાપ્તિનો ગૌરવ અનુભવવો જોઈએ.''



૧૨- શાસ્ત્રી સ્વામી વેદાંતસ્વરૂપદાસજી :- ''જ્યારે આપણા હૃદયમાં ખપ ઉત્પન્ન થાય ત્યારે દુનિયામાં કંઈ પણ અશક્ય નથી. મહિમા કે નિશ્ચયમાં ક્યાંક ખામી છે એટલે આજ્ઞાનું પાલન કરવું અઘરું પડે છે. પરંતુ મંડ્યા રહેવાથી સફળતા આપણને ચોક્કસ મળશે.''

સમાપન :- કોઠારી સ્વામી ગોલોકવિહારીદાસજીએ અંતે આભારવિધિમાં જે જે સંતો તથા હરિભક્તોએ આ શિબિરમાં જે કાંઈ પણ યોગદાન આપેલું હતું તેને યોગ્ય રીતે બિરદાવ્યા હતા. સભા સંચાલન કરનાર સ્વામી કપિલમુનિદાસજી અને સ્વામી શ્યામકૃષ્ણદાસજીને પણ સભાનો સારો માહોલ જાળવવા બદલ બિરદાવ્યા હતા.

સદ્ગુરુ સ્વામી પરમહંસદાસજી, સદ્ગુરુ સ્વામી મુક્તવલ્લભદાસજી આદિ વડિલ સંતોની પ્રેરણાથી શિબિરના અંતે ૫૦ જેવા યુવાનો અને યુવતીઓએ પોતાની કુટેવો છોડવાના નિયમો લીધા હતા, જેમ કે નિર્વ્યસની થવું, નિત્ય મંદિરે જવું, માનસીપૂજા કરવી, કથામાં બેસવું, ચેષ્ટા ગાવવી, ક્રોધ ન કરવો, પરિવાર સાથે વધારે સમય કાઢવો ઈત્યાદિક નિયમો લીધા હતા.

પાંચ પાંચ દિવસથી શિબિર સ્થળને જ પોતાનું ઘર અને સંતોને જ પોતાના સંબંધી માનીને રહેલા યુવાનોએ શિબિરમાં આવી અનેક સંતોનો સમાગમ કરી આ લોક અને પરલોકનું ભાથું બાંધ્યું હતું. અનેકવિધ કાર્યક્રમોનો આનંદ માણતાં માણતાં પાંચ દિવસ કેમ પસાર થઈ ગયા તેની ખબર પણ ન રહી. પરંતુ છુટા પડવાનો સમય આવતાં સૌ યુવાનો બાથમાં બાથ ઘાલીને અરસપરસ મળી સંતોના આશીર્વાદ લઈ પોતપોતાના ઘર પ્રત્યે પ્રયાણ કર્યું હતું.



## શ્રીસ્વામિનારાયણ મંદિર રાપર(વાગડ) વિવિધ કાર્યક્રમોનું આયોજન

સેલારીથી રાપર પદયાત્રા :- મુકુટ ઉત્સવ પૂનમ શરદપૂર્ણિમાના પવિત્ર દિવસે રાપર મંદિરના મહંત સદ્ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજીની આજ્ઞા અને આશીર્વાદથી સેલારી ગામના ઉત્સાહી ભક્તોએ સેલારીથી રાપર સુધી પદયાત્રા કરી વિશેષ દર્શનનો લાભ લીધો હતો. આજના દિવસે સેલારી ગામના બહેનો, ભાઈઓ, બાળકો, યુવાનો, વડિલો સૌ કોઈ ભક્તોના અંતરમાં ઉત્સાહ હતો. તેથી ૬૦ થી વધારે ભક્તો સાથે મળીને પદયાત્રાનું આયોજન કર્યું જેમાં રથમાં સાઉન્ડ સિસ્ટમ

ગોઠવીને સેલારીથી ધૂન કરતાં ૧૨ કિ.મી. પગે ચાલીને રાપર મંદિરે શ્રીઘનશ્યામ મહારાજના દર્શન કરવાનો લાભ લીધો હતો. આ પદયાત્રામાં હરિભક્તોની સાથે સંતોમાં કોઠારી શાસ્ત્રી સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી, પુરાણી સ્વામી વિવેકમુનિદાસજી, સ્વામી દેવપ્રિયદાસજી, શાસ્ત્રી સ્વામી ઈશ્વરપ્રિયદાસજી વિગેરે સંતો પણ જોડાયા હતા.

બહેનોની સાથે અનેક સાં.યો.બહેનો પણ જોડાયા હતા. માર્ગમાં આવતાં કલ્યાણપર ગામના ભક્તો પણ આ પદયાત્રામાં જોડાયા હતા. તો ઉમૈયા ગામના ભક્તોને જાણ થતાં તેઓ પણ મોટી સંખ્યામાં પદયાત્રામાં જોડાવા માટે દોડી આવ્યા હતા.

આ પદયાત્રા રાપર શહેરની નજીક પહોંચી ત્યારે કોઠારી સ્વામી આનંદમુનિદાસજીના આયોજન મુજબ રાપર મંદિરેથી પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજી, શાસ્ત્રી સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી વિગેરે સંતો સરબત-પાણી લઈને આ યાત્રાને આવકારવા તથા ભક્તોને પાણી પાવા માટે સામે આવ્યા હતા. પાણી પીવાની સાથે હરિભક્તોમાં ઉત્સાહનો પણ વધારો થયો હતો. વળતા તે સંતો સૌ સાથે ચાલીને મંદિરે પહોંચ્યા. મંદિરમાં ઠાકોરજી આગળ બેસીને કલાક ધૂન-કીર્તન કર્યા પછી પુ.મહંત સ્વામીના આશીર્વાદ પૂર્ણ થતાં, સંગીતના સૂર સાથે સૌએ ઠાકોરજીની મહાઆરતીનો લાભ લીધો હતો. તે પછી પ્રસાદ લઈ સૌ પોતપોતાના સ્થાને ગયા હતા.

**પ્રબોધિની એકાદશી -હાટડી ઉત્સવ :-** હિન્દુ ધર્મમાં આ પ્રબોધિની એકાદશીએ બહુ જ મોટી એકાદશી કહેવાય છે. દેવશયની એકાદશીના દિવસે ભગવાન પોઢ્યા હતા તે આ દિવસે જાગે છે. આજના દિવસે ઉપવાસ કરવાનું બહુ જ મોટું પુણ્ય છે.

આજે ભગવાનની આગળ હાટડી ભરવાની પરંપરા છે, ચોમાસાના સારા વરસાદમાં નવું ધાન્ય પાક્યું તે ધાન્યના થાળ બનાવીને નૂતન વર્ષે ભગવાનને અન્નકૂટના થાળ ધર્યા. આથી ધાન્ય પ્રસાદીભૂત થયું. હવે ધાન્યને માર્કેટમાં વેંચવા મૂકવું છે. તો એ ધાન્ય સૌથી પહેલાં ભગવાનના સાનિધ્યમાં વહેંચાય. આપણા ધાન્યને ભગવાન વેંચે તો ઘણી ભરકત થાય તેવી ભાવનાથી આ હાટડી ભરવામાં આવે છે. એવી સ્વામિનારાયણ સંપ્રદાય અને ખાસ કરીને કચ્છ સત્સંગમાં પરંપરા છે. તે સાથે આજે ચાતુર્માસ પૂર્ણ થતાં શેરડી, મૂળા,




રીંગણા વિગેરે જમવાની છૂટ થાય છે. વેંચાય તેથી આ વસ્તુઓ ભગવાનને ખાસ અર્પણ કરાય છે. તેથી આજનું અતિ અધિક મહત્ત્વ છે.

**તુલસી વિવાહ :-** રાપર દેવદિવાળીના પાવન પર્વ શ્રીસ્વામિનારાયણ મંદિર રાપર ખાતે રાપર મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી તથા વડિલ સંતો સદ્‌ગુરુ સ્વામી મુકુંદજીવનદાસજી, સદ્‌ગુરુ પુરાણી સ્વામી



હરિબળદાસજી આદિ સંતોના આશીર્વાદ અને કોઠારી સ્વામી આદિ સર્વે સંતોના સંપૂર્ણ સહયોગથી તુલસી વિવાહ ભવ્ય રીતે ઉજવાયો. તેમાં વરપક્ષે રાજુભાઈ ટાંક જુનાગઢવાળા તથા કન્યાપક્ષે મુકુંદભાઈ કાનજી માલી રાપરવાળાએ લાભ લીધો હતો.

આજે કાર્તિક સુદ પૂનમના પવિત્ર દિવસે તુલસી વિવાહનું આયોજન થયું હતું. સવારે ગણેશ સ્થાપન તથા માંડવા રોપણ થયા. સાંજે ભવ્ય રીતે વાજતે ગાજતે ભગવાનનું ફૂલેકું(વરઘોડો) ગામમાં ફર્યું હતું. તેમાં સર્વે હરિભક્તો જોડાયા હતા. એક ડ્રેસ એક રંગમાં યુવક મંડળના યુવાનોની ઝાંખી વિશેષ પ્રભાવ બતાવતી હતી. તો બહેનો પણ પોતાની બેન્ડ લઈને સાથે જોડાયા હતાં. નગરયાત્રા કરી ફૂલેકું મંદિરમાં આવ્યું અને ઠાકોરજીના લગ્ન થયાં. સર્વે ભક્તોએ સામાજિક રિવાજ અને પરંપરા પ્રમાણે લગ્નમાં હાથઘરેણું કર્યું હતું. લગ્ન પૂર્ણ થયા બાદ સૌ ભક્તોએ ભોજન પ્રસાદ લીધો હતો. ને કાર્યક્રમને પૂર્ણ કરવામાં આવ્યો હતો.

નવાપરાથી રાપર પદયાત્રા :- આજે કાર્તિક પૂર્ણિમા નવા વર્ષની પહેલી મુકુટ ઉત્સવ પૂનમ હોતાં આજના પવિત્ર અને ઐતિહાસિક મહત્ત્વના દિવસે રાપર મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજીની આજ્ઞા અને આશીર્વાદથી નવાપર ગામના ઉત્સાહી ભક્તોએ નવાપરાથી રાપર સુધી પદયાત્રા કરી વિશેષ દર્શનનો લાભ લીધો. ગામના સૌ ભક્તોના અંતરમાં ઉત્સાહ હતો તેથી ૩૦ થી વધારે ભક્તો સાથે મળીને પદયાત્રા રથમાં સાઉન્ડ સિસ્ટમ ગોઠવીને ધૂન કરતાં ૩ કી.મી. પગે ચાલીને રાપર મંદિરે ઘનશ્યામ મહારાજના દર્શન કરવાનો લાભ લીધો હતો. આ પદયાત્રામાં હરિભક્તોની સાથે સંતોમાં પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજી, કોઠારી શાસ્ત્રી સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી આદિ સંતો જોડાયા હતા. બહેનોની સાથે સાં.યો.બહેનો પણ જોડાયા હતા.

આ પદયાત્રા ૪-૩૦ વાગ્યે રાપર મંદિરે પૂર્ણ કરી પછી સૌ ભક્તો નામસ્મરણ દોઢ કલાક સુધી ભગવાનની પરિક્રમા કરીને આ ઉત્સવને પૂર્ણ કરવામાં આવ્યો હતો.

અ - કોઠારી શાસ્ત્રી સ્વામી આનંદમુનિદાસજી - રાપર

## વચનામૃત જયંતી રાપર

માગસર સુદ ચોથ દિનાંક ૨૪ ના રોજ ઐતિહાસિક દિવસે રાપર મંદિરે શણગાર આરતી બાદ ઠાકોરજીના સાનિધ્યમાં વચનામૃત ગ્રંથનું પૂજન કરવામાં આવ્યું હતું. આ પૂજન કાર્યક્રમમાં રાપર મંદિરના મહંત સદ્‌ગુરુ પુ.સ્વામી બાલકૃષ્ણદાસજી તથા વડીલ સંતો સદ્‌ગુરુ સ્વામી મુકુંદજીવનદાસજી, સદ્‌ગુરુ પુ.સ્વામી હરિબળદાસજીની આજ્ઞા અને આશીર્વાદ હતા. કોઠારી સ્વામી શ્રીપ્રકાશદાસજી, શા.સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી વિગેરે સંતોએ પૂજનનો લાભ લીધો હતો. પુ.સ્વામી ધર્મવિહારીદાસજીએ પારંપારિક વિધિ પ્રમાણે પૂજન કરાવ્યું હતું. આ





પૂજનમાં રાપર શહેરના હરિભક્તો તેમજ બહેનોના વિભાગમાં સાં.યો.બહેનો તથા કર્મયોગી બહેનો મોટી સંખ્યામાં હાજર રહી પૂજનનો લાભ લીધો હતો. પૂજનનો લાભ લીધો હતો.

પૂજનને અંતે પૂ.મહંત સ્વામીએ પ્રસંગને અનુરૂપ રૂડા આશીર્વાદ પાઠવતા કહ્યું કે સ્વામિનારાયણ ભગવાનની આ પરાવાણી વચનરૂપી અમૃતનું નિત્ય પાન કરવું એટલે કે દરરોજ પાઠ કરવો. આ અમૃતથી જીવની વાસના ટળી જાય અને જન્મ મરણના ફેરા મટી જાય એવું આ અમૃત છે. એવી ભલામણ કરી હતી. સૌ સાથે સમૂહ મહાઆરતી કરીને આ સવારના પૂજનના કાર્યક્રમને પૂર્ણ કરવામાં આવ્યો હતો.

રાત્રે શયન આરતી બાદ સંતો સાથે કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળના યુવાનો તથા સર્વે હરિભક્તો મળીને સમૂહમાં વચનામૃતની પારાયણ કરી હતી. સભાને અંતે મહંત સ્વામીએ શાસ્ત્રરૂપ ભગવાનની આરતી કરીને આ કાર્યક્રમને પૂર્ણ કરવામાં આવ્યો હતો.

વ્યવસ્થા કોઠારી શા.સ્વામી આનંદમુનિદાસજીએ સંભાળી હતી.

અ - ડો. સાધુ લક્ષ્મણપ્રકાશદાસજી.

## તુલસી વિવાહ ઉત્સવ થાણા-મુંબઇ

શ્રીસ્વામિનારાયણ સત્સંગ ભવન થાણા-મુંબઈમાં બિરાજમાન ઠાકોરજીને ૧૫ વર્ષનો ઉત્સવ એટલે કે, 'શ્રીસહજાનંદ સુખકારી મહોત્સવ'ના ઉપક્રમે 'તુલસી વિવાહ'નું આયોજન કરવામાં આવ્યું હતું.



આપણા સંપ્રદાયમાં તુલસી વિવાહનો પ્રસંગ એક વિશેષ મહત્ત્વ ધરાવે છે. પરંપરાગત રીતે આ વર્ષે પણ ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી આદિ વડીલ સંતોના આશીર્વાદથી થાણા સત્સંગ ભવનના સંચાલક પુરાણી સ્વામી હરિમુકુંદદાસજી, પુરાણી સ્વામી જયકૃષ્ણદાસજી આદિ સંતોના માર્ગદર્શનથી કાર્તિક સુદ-૧૧ પ્રબોધિની એકાદશી તા.૨/૧૧/૨૦૨૫ રવિવારે તુલસી વિવાહની ઉજવણી ભવ્યાતિભવ્ય રીતે ધામધૂમથી ભક્તિમય વાતાવરણ વચ્ચે કરવામાં આવી હતી.



લગ્ન પ્રસંગનો આનંદ અનેરો હોય છે. તેમાય આ તો પ્રાણાધાર ભગવાન વિષ્ણુના અને તુલસીજીના લગ્નનો પ્રસંગ હોવાથી હરિભક્તોમાં હર્ષોલ્લાસ હતો. નવા વસ્ત્રો પરિધાન કરી લગ્ન માણવા આવેલા હરિભક્તોથી સત્સંગ ભવન ભરચક હતું. બપોરપછી ૩ વાગ્યે પવિત્ર વાતાવરણ વચ્ચે મંગલમય લગ્નગીતોના સુમધુર ધ્વનિ ગુંજી ઊઠ્યા. ભૂદેવોએ માંડવા વિધિનો શુભારંભ કર્યો અને યજમાન પરિવાર સાથે હરિભક્તો પૂર્ણ આસ્થાથી ઉપસ્થિત રહ્યા હતા.





ઠાકોરજી અને સંતોની બંને યજમાનોના ઘરે પધરામણી બાદ સાંજે વિષ્ણુ ભગવાનની નગરયાત્રા (વરઘોડો) બેન્ડવાજા-વાજીંત્રો અને સંગીતની સુરાવલીઓ સાથે થાણા-મુંબઈના જાહેરમાર્ગ પર નીકળી હતી. યુવાનો અને યુવતીઓ નૃત્ય અને રાસ દ્વારા નગરયાત્રામાં આનંદની અભિવ્યક્તિ કરતા હતા. સત્સંગ ભવન પહોંચતા જ શાસ્ત્રોક્તવિધિ મુજબ ઠાકોરજીને પોંખીને જાનૈયાઓનું સ્વાગત કરાયું. બાદ ભગવાન માંડવે પધાર્યા અને ગૃહશાંતિનો વિધિ સંપન્ન થયો. કલાત્મક રીતે સુશોભિત લગ્નમંડપમાં લગ્નવિધિ સંપન્ન થયો અને સૌ ધન્ય ધન્ય થઈ ગયા.

તુલસી વિવાહના યજમાનપદે ભગવાન વિષ્ણુ(વરપક્ષ)ના માતુશ્રી મુરીબેન રણછોડ રાવરીયા, સુપુત્ર નારાણભાઈ પુત્રવધુ રમીલાબેન, પૌત્ર પાર્થ, પૌત્રી ખ્યાતિ. ગામ રાપર હાલે થાણા સપરિવાર રહ્યા હતા. તુલસીમાતા(કન્યાપક્ષ) માતુશ્રી ધનીબેન બેચરા ચૌધરી, સુપુત્ર વશરામભાઈ, પુત્રવધુ રસીલાબેન, પૌત્રી શ્રીજીની અને પ્રાપ્તિ. ગામ ભંગેરા હાલે થાણા સપરિવાર રહ્યા હતા.

લગ્ન નિમિત્તે મંદિરમાં ઉપસ્થિત સર્વે હરિભક્તોને ભોજનરૂપી મહાપ્રસાદ પીરસવામાં આવ્યો અને તુલસી વિવાહના સંસ્મરણોની ચર્ચા કરતા કરતા ગ્રહણ કરી તૃપ્ત થયા હતા.

## હાટડી ઉત્સવ

હાટડી એ સ્વામિનારાયણ સંપ્રદાયનો એક પરંપરાગત ઉત્સવ છે, જે નવા પાકના આગમન સમયે ઉજવાય છે. મારકેટમાં અનાજ જવાની પહેલાં હરિભક્તો એ અનાજ ઘનશ્યામ મહારાજને અર્પણ કરે છે. કારણ કે ભગવાન જ સૃષ્ટિના સર્જનહાર અને દાતા છે. સ્વામિનારાયણ ભગવાન કંથકોટમાં કચરા ભગતને ત્યાં શાકભાજી વેંચવા બેઠા હતા. એ ચરિત્રની સ્મૃતિ થઈ આવે.



હરીની હાટડીએ મારે રોજનું હટાણું....એવી ભાવના સાથે કાર્તિક સુ-૧૧ પ્રબોધિની એકાદશી તા. ૨/૧૧/૨૦૨૫ રવિવારના પવિત્ર દિવસે સિંહાસનમાં બિરાજમાન ભગવાન આગળ હાટડી ભરવામાં આવી. જેમાં અનેક પ્રકારના શાકભાજી રીંગણા, મૂળા, ગોવાર, વાલોળ, ગાજર, ફુલાવર, કોબી વિગેરે ગોઠવવામાં આવી. સાંજે હાટડી ઉત્સવની આરતી કરવામાં આવી. આવા દિવ્ય દર્શન કરીને સહુ ભક્તો આનંદિત થયાં. અંતે સૌ ભગવાનની હાટડીથી શાક ખરીદી કરી જીવન ધન્ય બનાવ્યું.

અ - સ્વામી શ્યામકૃષ્ણદાસજી

## સંતરા ઉત્સવ

ઉત્પત્તિ એકાદશનીના દિવસે સંતરા ઉત્સવ એવં યુવક-યુવતી મંડળની સભાનું અનોખું આયોજન કરવામાં આવ્યું.

આજના પવિત્ર દિવસે સત્સંગ ભવનમાં બિરાજમાન શ્રીસ્વામિનારાયણ ભગવાન,



શ્રીરાધાકૃષ્ણ ભગવાન, શ્રીઘનશ્યામ મહારાજને ૧૫૦ કિલો સંતરા ધરાવવામાં આવ્યા ને સંધ્યા આરતી સાથે સંતરા ઉત્સવની આરતી કરવામાં આવી. આજના દિવસે એકાદશી હોવાથી સૌ પ્રથમ એકાદશી જાગરણના કીર્તનો ગાયા. ત્યારબાદ યુવક મંડળની સભામાં શ્રીમદ્‌ભાગવતજીની કથા યોગેશભાઇ શામળાએ સંભળાવી હતી. યુવક પ્રવચનામાં મહેશ સાંઢાએ આપણે શ્રીનરનારાયણદેવના ખોળામાં બેઠા છીએ તો ચિંતા શેની ? શરણાગતિની વાત કરી હતી.

સંતોના આશીર્વાદમાં સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ ઉત્સવના મહિમાની વાત કરીને થાણા સત્સંગ ભવનનો ૧૫ વરસનો આવતો 'શ્રીસહજાનંદ સુખકારી મહોત્સવ'ની માહિતી આપી. ત્યારબાદ પુ.સ્વામી હરિમુકુંદદાસજીએ સેવાથી ભગવાનનો રાજીપો થાય છે. આપનો ઉત્સવ આવે છે. તેમાં પણ સેવા કરીનો ભગવાનના કૃપાપાત્ર બનજો. છેલ્લે ભક્તો સંતરા ઉત્સવનો પ્રસાદ લઇને આનંદિત થયાં હતા. સમગ્ર સભાનું સંચાલન યુવક મંડળના સભા સંચાલક મંત્રી રવિભાઇ ગામીએ કર્યું હતું.

અ - મેઘજીભાઇ રાવરીયા યુવક મંડળ સંચાલક

## શાકોત્સવ - પવઇ-મુંબઇ

તા.૧૨ થી ૧૪ નવેમ્બર ૨૦૨૫ રાત્રી સત્સંગ સભામાં બે દિવસ મહિમા વિષય પર વક્તા સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ કથા સંભળાવી હતી. મહિમા રાખવાથી શું થાય ? દશ લાભ થાય. મહિમા રાખવાથી ભગવદ્ સાક્ષાત્કાર થાય, મોક્ષ થાય, નિર્સવાસનિક થવાય, કારણ શરીર બળે, પાપ બળી જાય, સહેજે ભગવાનની આજ્ઞા પળાય, માયાને તરી જવાય, ભગવાનની મૂર્તિમય રહેવાય વિગેરે દૃષ્ટાંતોની સાથે સમજાવ્યું.

છેલ્લા દિવસો સત્સંગ ભવનમાં બિરાજમાન શ્રીઘનશ્યામ મહારાજની આગળ શાકનો વઘાર સંતો ને યજમાનશ્રીના વરદ્‌હસ્તે કરવામાં આવ્યો. ને ત્યારબાદ થાણા સત્સંગ ભવનાના સંચલાક પુરાણી સ્વામી હરિમુકુંદદાસજી અનોક દૃષ્ટાંતો સાથે





શાકોત્સવની કથા સંભળાવી હતી. બાદમાં રાત્રી સત્સંગ સભા, શાકોત્સવ, ભોજન પ્રસાદ વિગેરેના યજમાનશ્રીઓને સંતોના વરદ્‌હસ્તે પ્રસાદીની પુષ્પમાળા પહેરાવીને આશીર્વાદ અપાવ્યા. આ દિવસે વિલેપાર્લેથી સાં.યો.બહેનો પધાર્યા હતાં.

દરેક હરિભક્તો દરરોજ સભાનો તથા શાકોત્સવના પ્રસાદનો લાભ લઈને ધન્ય ભાગ્યશાળી થયા. સમગ્ર સભા તથા શાકોત્સવની સેવા કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી મંડળના સભ્યોએ સંભાળી હતી. સભા સંચાલન દિનેશભાઈ વાઘડાએ કર્યું હતું.

અ - સ્વામી બાલમુકુંદદાસજી

## ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિરે વચનામૃત ૨૦૬ મી જયંતી ઉજવાઇ

આધુનિક સમયનું વેદાંત એટલે વચનામૃત. માગસર સુદ ચોથ દિનાંક ૨૪ ના રોજ ભુજ મંદિરે રાત્રે શયન આરતી બાદ સભામંડપમાં ઠાકોરજી સન્મુખ પૂ.મહંત સ્વામી, પૂ.ઉપમહંત સ્વામી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોની ઉપસ્થિતિમાં  સૌ સંતો તથા હરિભક્તો





દ્વારા વચનામૃત ગ્રંથનું જનમંગલ નામાવલિથી પૂજન કરવામાં આવ્યું હતું. આ પૂજન બાદ સૌ સંતો તથા હરિભક્તોએ વચનામૃતની સમૂહમાં પારાયણ કરી હતી. આ પૂજન કાર્યક્રમમાં શહેરના હરિભક્તો મોટી સંખ્યામાં સામેલ થયા હતા. વચનામૃત પૂજન તથા પારાયણનો લાભ લીધો હતો.

બહેનોના મંદિરમાં સાં.યો.બહેનોના માર્ગદર્શન હેઠળ સાં.યો.બહેનો અને શહેરના બહેનો ભક્તોએ પણ હાજર રહી વચનામૃત પૂજન-પારાયણનો લાભ લીધો હતો.

પૂજનને અંતે પૂ.મહંત સ્વામીએ રૂડા આશીર્વાદ પાઠવતા કહ્યું કે સ્વામિનારાયણ ભગવાનની આ પરાવાણીરૂપી અમૃતનું નિત્ય પાન કરવું એટલે કે દરરોજ પઠન કરવું. આ વચનામૃતરૂપ અમૃતથી જીવની વાસના ટળી જાય અને જન્મ મરણના ફેરા મટી જાય છે.

## તુલસી વિવાહ ઉત્સવ ભુજ

આપણા સનાતન વૈષ્ણવ સંપ્રદાયમાં તુલસી વિવાહનો પ્રસંગ એક વિશેષ મહત્ત્વ ધરાવે છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ સંવત ૨૦૮૨ કાર્તિક સુદ પૂનમ તા.૫/૧૧/૨૦૨૫ બુધવારના રોજ ભુજ



મંદિરના પટાંગણમાં તુલસી વિવાહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વરપક્ષના યજમાનપદે ભુજ મંદિર શ્રીનરનારાયણદેવ કોઠારના સ્ટાફગણ સર્વે રહ્યા હતા. જ્યારે કન્યાપક્ષે ભુજ મંદિરના સહજાનંદ ક્રિકેટ ગ્રુપના યુવાનો રહ્યા હતા.

મંદિરના પટાંગણમાં માંગલિક પ્રસંગોની શુભ શરૂઆત સવારે ૮ વાગ્યે ગણેશ પૂજન સાથે



કરવામાં આવી હતી. ૯ વાગ્યે માંડવા રોપણ, ૧૦ વાગ્યે ગ્રહશાંતિ સાથે ઉત્સવ ઉજવાયો. બપોર પછી ૪ વાગ્યે યજમાનશ્રીઓના ઘરે શ્રીઠાકોરજી સાથે સંતોની પધરામણી કરવામાં આવી હતી. ત્યારબાદ



ઠાકોરજીનો વરઘોડો મંગલમ ચાર રસ્તેથી શરૂ થઈ વાજતે ગાજતે વાજીંત્ર મંડળી સાથે મંદિરે પધાર્યા અને ઠાકોરજી અને તુલસીજીના લગ્ન મંડપમાં ધામધૂમથી લગ્નવિધિ ભૂદેવો દ્વારા પૂર્ણ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ યજમાનશ્રીઓ, આમંત્રિત મહેમાનો તથા પધારેલ સર્વે હરિભક્તોએ ભોજનરૂપ મહાપ્રસાદ લઈ છૂટા પડ્યા હતા.



# મહાપૂજા તથા ચાતુર્માસ સમાપ્તીએ બે-દિવસીય રાત્રી સત્સંગ સભા - અંજાર

પ્રબોધિની એકાદશીએ તા.૧ અને ૨-૧૧ના રોજ રાત્રે ૮ થી ૧૦ દરમ્યાન શા.સ્વામી વેદાન્તસ્વરુપદાસજીએ એકાદશીના મહિમા સહિત કથામૃતનું રસપાન કરાવ્યું હતું, શાસ્ત્રી સ્વામી વિશ્વપ્રકાશદાસજી, પુરાણી સ્વામી કૃષ્ણપ્રિયદાસજી, શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી, પુ.સ્વામી પરમહંસદાસજીએ આશીર્વચન પાઠવેલ અને સંચાલન





સ્વામી ભક્તિપ્રકાશદાસજીએ કરેલ તથા વ્યવસ્થા સ્વામી પૂર્ણપ્રકાશદાસજી તથા સ્વામી સત્સંગસેવકદાસજી આદિ સંતોએ સંભાળી હતી. યજમાનપદ પ.ભ.નરેન્દ્રભાઇ ચત્રભુજ સોમૈયા પરિવારે શોભાવ્યું હતું. બંને દિવસ મહાપ્રસાદની વ્યવસ્થા હતી. તા.૨-૧૧ના રોજ મહાપૂજા સવારે ૮ થી ૧૦ દરમિયાન રાખવામાં આવી હતી. મહાપૂજા સ્વામી સુખસાગરદાસજીએ કરાવેલ હતી.

**તુલસીવિવાહ**

કારતક સુદ ૧૫ તા.૫-૧૧નારોજ અંજાર મંદિરમાં તુલસી વિવાહનું આયોજન કરવામાં આવ્યું હતું. ઠાકોરજીની શોભાયાત્રામાં આતસબાજી બેન્ડપાર્ટી સહિત ઘોડાની બગીમાં નીકળી હતી.

શોભાયાત્રા કન્યાપક્ષના યજમાન અ.નિ.મોહનભાઇ બેચરદાસ કોડરાણી, પુત્ર કનૈયાલાલ પરિવારના ઘેરથી શહેરના વિવિધ માર્ગો પરથી મંદિરે પહોંચી હતી. મંદિરમાં તુલસીજી સાથે ઠાકોરજીના ભવ્ય રીતે લગ્ન યોજાયા હતા.

વરપક્ષના યજમાન ગામ સુરતના કવિતાબેન મનીષભાઈ ઉપાધ્યાય સહપરિવાર, રહ્યા હતા લગ્ન લગ્નવિધી સંપન્ન થયા બાદ પધારેલા મહેમાનો, યજમાનોના પરિવારજનો, દર્શને આવેલ સર્વેએ ભક્તજનોએ મહાપ્રસાદ લીધો હતો. આ કાર્યક્રમમાં કોઠારી સ્વામી પૂર્ણપ્રકાશદાસજી, કોઠારી સ્વામી ભક્તિપ્રકાશદાસજી , કોઠારી સ્વામી સત્સંગસેવકદાસજી આદિ સંતો તથા સાં.યો.ત્રિવેણીબાઇ આદિ સાં.યો. બહેનો તથા કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી મંડળના સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

**સંતોની પધરામણી**

નવેમ્બર માસ દરમ્યાન સ.ગુ. ઉપમહંત સ્વામી ભગવદ્જીવનદાસજી, વડીલ સ.ગુ.શાસ્ત્રી સ્વામી વિશ્વપ્રકાશદાસજી આદિ સંત મંડળના નાના મોટા સંતોના શુભ સંકલ્પથી નાની નાગલપર વાડી વસ્તાર, અંજાર શહેર તથા બેન્સા વિસ્તાર તેમજ આસપાસના ગામોમાં સંતોની પધરામણીનું આયોજન કરવામાં આવેલ હતું. ઘરે ઘરે શ્રીઠાકોરજી સાથે સંતો પધારી જનમંગલ અનુષ્ઠાન સાથે કાયમ યાદી રહે તે માટે પ્રસાદીભુત શ્રીનરનારાયણદેવની મૂર્તિ, ચરણામૃત



સાથે પ્રસાદી આપવામાં આવેલ હતી. દરેક ઘરે સંતોની સાથએ ઠાકોરજીની પધરામણી થવાથી સૌ હરિભકતો ધન્ય થયા હતા.

અહેવાલ - મેહુલભાઇ પ્રવિણચંદ્ર ઠકકર -અંજાર.




## માંડવી પિયાવા વાડી વિસ્તારમાં નૂતન શ્રીસ્વામિનારાયણ મંદિરનું નિર્માણ

માંડવી શ્રીવૃન્દાવનવિહારી શ્રીહરિકૃષ્ણમહારાજની છત્રછાયામાં વસતું ગામ પિયાવા જ્યાં વર્ષોથી સ્થાનિક નાનું મંદિર હતું. જ્યાં સૌ ભક્તો દર્શન, કથાવાર્તા, સભા તેમજ ઉત્સવો ઉજવાતા. સમય જતાં સત્સંગ સમુદાયમાં વૃદ્ધિ થતાં હરિભક્તો નૂતન મંદિર નિર્માણનો સંકલ્પ ભુજ મંદિરના મહંત સ્વામી આદિ સંતો આગળ રજૂ કર્યો. મહંત સ્વામી તથા ઉપમહંત સ્વામીની આજ્ઞાથી આ મંદિરને મોટું રૂપ આપવા પ.ભ.ભીમજીભાઈ મનજી ગાજરીયાએ પોતાની વિશાળ જગ્યા ભુજ મંદિરને અર્પણ કરી, તે જ સ્થાને નૂતન મંદિરનું ભવ્ય નિર્માણ થયું.

મંદિર નિર્માણકાર્ય શા.સ્વામી અક્ષરપ્રકાશદાસજી તથા પુ.સ્વામી પરમહંસદાસજી તેમજ માવજીભાઈ વેકરીયા આદિ ૬ સભ્યોની સમિતીની રચના કરવામાં આવી. મંદિર તૈયાર થતાં તા.૭/૧૧/૨૦૨૫ થી તા.૧૧/૧૧/૨૦૨૫ ના રોજ નૂતન મંદિર પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી ઉજવાયો.

તા.૨૬/૧૦/૨૦૨૫ લાભપાંચમના રોજ યજમાનશ્રીઓના વરદ્હસ્તે વિજય ધ્વજનું રોપણ થયું. ઉત્સવ પૂર્વે ત્રિદિનાત્મક શ્રીહરિયાગનું આયોજન કરવામાં આવ્યું હતું.

તા.૬/૧૧/૨૦૨૫ ના રોજ સ્ત્રીઓમાં જાગૃતિ અને ભવિષ્યનું નિર્માણ થાય એવા હેતુથી સાં.યો.બહેનોના નેતૃત્વમાં એક પાત્ર અભિનય, સંવાદ, નૃત્ય તેમજ સાં.યો.બહેનોએ સમયને અનુરૂપ ઉપદેશ આપીને મહિલામંચને સફળ બનાવ્યો હતો.

પ્રતિષ્ઠા મહોત્સવની ભવ્ય પોથીયાત્રા યજમાનશ્રીના ઘરેથી તા.૬/૧૧/૨૦૨૫ ના રોજ





વાજતે ગાજતે ભુજ ચોવિસી મંદિરની ભજન મંડળી તેમજ વાજીંત્રોના નાદની સાથે મહિલા બેન્ડ દ્વારા સભામંડપની અંદર પધરાવવામાં આવી હતી.



કથાના વકતાપદે શા.સ્વામી નારાયણમુનિદાસજી, શા.સ્વામી વેદાંતસ્વરૂપદાસજી, શા.સ્વામી શૌનકમુનિદાસજી રહ્યા હતા.

તા.૮/૧૧/૨૦૨૫ ના રોજ દિવ્ય સભામંડપમાં ભગવાન શ્રીહરિના પ્રસાદીના ચરણારવિંદનું પૂજન ધામધૂમથી સંતો અને યજમાનશ્રીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

કથાના તૃતીય દિવસે ચોવિસી, વાગડ, અબડાસા વિસ્તારમાંથી બહુ મોટી સંખ્યામાં



મંડળીવાળા હરિભક્તો વાજીંત્રના નાદની સાથે આવ્યા હતા અને શ્રીઠાકોરજીની ભવ્ય શોભાયાત્રા નીકળી હતી.



તા.૧૦/૧૧/૨૦૨૫ ના રોજ સવારે ૯ વાગ્યે શ્રીનરનારાયણદેવ પીઠાધીપતિ ૧૦૦૮ આચાર્ય શ્રીકૌશલેન્દ્રપ્રસાદજી મહારાજની સાથે સંતો અને ભૂદેવો દ્વારા મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી હતી. મૂર્તિઓના દર્શન કરીને સંતો-ભક્તોના હૃદયમાં દિવ્ય આનંદની અનુભૂતિ થઈ હતી.

રાત્રિ કાર્યક્રમોમાં તા.૮/૧૧/૨૦૨૫ ના રોજ યુવાનોને બળ-પ્રેરણા અને ઉત્સાહ મળે એવા ઉદ્દેશથી યુવા સત્સંગ સભાનું આયોજન થયું હતું.















જેમાં શા.સ્વામી વેદાંતસ્વરૂપદાસજીએ ‘‘આદર્શ યુવાન’’ વિશે પ્રેઝન્ટેશન કર્યું તેમજ યુવાનોના જીવનમાં મુંઝવતા પ્રશ્નોનું સમાધાન સંતોએ કર્યું હતું.

તા.૯/૧૧/૨૦૨૫ ના રોજ મહિલા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં માંડવી મંદિરના સાં.યો.બહેનોના નેતૃત્વ હેઠળ બહુ મોટી સંખ્યામાં બહેનોએ સાંસ્કૃતિક કાર્યક્રમનો લાભ લીધો હતો.





તા.૧૦/૧૧/૨૦૨૫ ના પંચાળામાં થયેલ ભવ્ય રાસોત્સવની ઝાંખી થયેલી હતી. જેમાં સ્વામી ભજનપ્રકાશદાસજીએ કીર્તનો ગાઈને સૌને મંત્રમુગ્ધ કર્યા હતા.

આ ઉત્સવની અંદર ભુજ મહિલા મંદિરના મહંત સાં.યો.સામબાઈ ફઈ તેમજ માંડવી મહિલા મંદિરના મહંત સાં.યો.રતનબાઈ ફઈ, ઉપમહંત સાં.યો.કાનબાઈ ફઈ, સાં.યો.મોટા મેઘબાઈ ફઈ, સાં.યો.નાના મેઘબાઈ ફઈ આદિ સાં.યો.બહેનો, સમગ્ર કચ્છ, અબડાસા, વાગડ ચોવિસીના તમામ સાં.યો.બહેનોએ પધારી ઉત્સવની શોભા વધારી હતી.



આ ઉત્સવ દરમિયાન વધામાન માંડવી મંદિરના મહંત સદ્ગુરુ પુ.સ્વામી કેશવજીવનદાસજી તેમજ સદ્ગુરુ માધવપ્રસાદદાસજી આદિ સંત મંડળ તેમજ ભુજ, અંજાર, માંડવી, રાપર, પ્રસાદી મંદિર ભુજ આદિ





ભુજ મંદિરની તમામ સંસ્થાઓમાંથી મોટી સંખ્યામાં દરરોજ સંતો પધારી દર્શન તથા આશીર્વાદનો લાભ આપ્યો હતો.

સભાનું સંચાલન શા.સ્વામી અક્ષરપ્રકાશદાસજી તેમજ તબલચી સ્વામી કપિલમુનિદાસજીએ કર્યું હતું.

આ ઉત્સવ દરમિનાયન અંદર પ્રથમથી જ સદ્‌ગુરુ ઉપમહંત સ્વામી ભગવદ્‌જીવનદાસજીના મંડળના સંતો રહી ખૂબ ઉત્સવને શોભાવ્યો હતો.

અ - કલ્યાણ ગાજરપરિયા

## શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ નારાણપરના વિદ્યાર્થીઓ રાષ્ટ્રીયકક્ષાની ચિત્ર સ્પર્ધામાં ઝળક્યા

શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ નારાણપર સંચાલિત શ્રીઘનશ્યામ એકેડમી અંગ્રેજી માધ્યમ શાળા અને શ્રીઘનશ્યામ વિદ્યાલય ગુજરાતી માધ્યમ શાળાના વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીયકક્ષાની રંગોત્સવ



ચિત્ર સ્પર્ધામાં પોતાનું કૌવત દાખવી ને સફળતા મેળવી હતી. શાળાના ૨૧૦ વિદ્યાર્થીઓ આ સ્પર્ધામાં ભાગ લીધેલ હતો તે અંતર્ગત વિવિધ વિભાગોમાં શ્રેષ્ઠ ચિત્રો માટે વિદ્યાર્થીઓને ૨૪ ગોલ્ડ મેડલ, ૧૬ સિલ્વર મેડલ અને ૧૨ બ્રોન્ઝ મેડલ એનાયત કરવામાં આવ્યાં હતાં અને ૫૧ વિદ્યાર્થીઓ આંતરરાષ્ટ્રીય ચિત્ર સ્પર્ધા માટે સિલેક્ટ થયા હતા. શાળાની સિદ્ધિ માટે શાળાને મોમેન્ટો



આપીને સન્માનિત કરવામાં આવી હતી અને ભાગ લીધેલ સર્વે વિદ્યાર્થીઓને સર્ટીફિકેટ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. શાળાના શિક્ષકશ્રી સોનલબેન વેકરીયા અને વિજયાબેન હિરાણીના માર્ગદર્શન હેઠળ સર્વે વિદ્યાર્થીઓએ સફળતા મેળવી હતી.

## જિલ્લા કક્ષાએ ખેલ મહાકુંભ રગ્બી રમતમાં વિદ્યાર્થીઓ ચેમ્પિયન બન્યા

શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ નારાણપરના વિદ્યાર્થીઓએ ખેલ મહાકુંભ અંતર્ગત રગ્બી રમતમાં શાળા વતી અન્ડર-૧૭ની ટીમે શ્રેષ્ઠ રમત બતાવીને જિલ્લા કક્ષાએ શ્રીઘનશ્યામ એકેડમી-નારાણપર પ્રથમ અને શ્રીઘનશ્યામ વિદ્યાલયના વિદ્યાર્થીઓ દ્વિતીય ક્રમાંક મેળવીને શાળાને ગૌરવ



આપ્યું હતું. અને હવે જિલ્લા વતી ગાંધીનગર મુકામે રાજ્યકક્ષાએ રગ્બી રમતમાં ભાગ લેશે.

રમત-ગમત ક્ષેત્રે આ સિદ્ધિ બદલ શાળા સંચાલક સ્વામી નારાયણવલ્લભદાસજી, સ્વામી

ધર્મચરણદાસજી, સ્વામી ઘનશ્યામકેશવદાસજી, સ્વામી દિવ્યપ્રકાશદાસજી, ટ્રસ્ટીશ્રી નવિનભાઇ પાંચાણી, શિવજીભાઇ વેકરીયા, ગોવિંદભાઇ હાલાઇ, જાદવજીભાઇ ગોરસીયા, સામજીભાઇ પિંડોરીયા, મુકેશભાઇ વેકરીયા, શાળા આચાર્ય સાંકેતસિંઘ, પંકજ રાજગોર દ્વારા સર્વે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. શાળાના વ્યાયામ શિક્ષક અર્જુનસિંઘ, ભાવિકાબેન લાછાણી અને રજનીશ હિરાણી દ્વારા વિદ્યાર્થીઓની આ સિદ્ધિને બિરદાવવામાં આવી હતી.

## શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની વિદ્યાર્થીનીઓએ રાજ્યકક્ષાએ જૂડોમાં મેળવી જીત - ચંદ્રકો એનાયત




રમત-ગમત પ્રવૃત્તિ ગાંધીનગર દ્વારા રાજ્યકક્ષાની જૂઓ સ્પર્ધાનું આયોજન અમદાવાદ મુકામે કરાયું હતું. જેમાં શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની દીકરીઓએ કચ્છનું પ્રતિનિધિત્વ કરી સમગ્ર ગુજરાતમાં વિવિધ ચંદ્રકો પ્રાપ્ત કરેલ છે. જેમણે કચ્છ અને શાળાને ગૌરવ અપાવ્યું છે.

ટીમમાં અન્ડર-૧૯ વિભાગમાં હાલાઇ તાન્યા ૭૮ કિ.ગ્રા. ઉપરના વજન ગ્રુપમાં રજત ચંદ્રક, અન્ડર-૧૭ વિભાગમાં લીંબાણી લક્ષી ૪૦ કિ.ગ્રા., વાગડિયા ભાવિકા ૭૦ કિ.ગ્રા. અને અન્ડર-૧૯ વિભાગમાં સેંઘાણી મૈત્રી ૭૦ કિ.ગ્રા. વજન ગ્રુપમાં કાંસ્ય ચંદ્રક મેળવેલ છે.

## કન્યા વિદ્યામંદિરની વિદ્યાર્થીનીની રાષ્ટ્રીય કક્ષાનાં ભાવી વૈજ્ઞાનિક કાર્યક્રમ માટે પસંદગી

ગુજકોસ્ટ, ઈસરો અને સ્પેશ એપ્લીકેશન સેન્ટર દ્વારા ધો.૯ થી ૧૨ નાં વિદ્યાર્થી તા.૧૫/૧૧/૨૦૨૫ થી તા.૨૩/૧૧/૨૦૨૫ સુધી ભાવી વૈજ્ઞાનિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ જેમાં અમારી શાળામાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની લાખાણી ખુશી મનિષભાઈની પસંદગી થઇ છે. જે શાળા માટે ગૌરવની બાબત છે. જેમાં ઈસરોની મુલાકાત, વૈજ્ઞાનિકો સાથે મુલાકાત, અવકાશીય ટેકનોલોજી, સંશોધન, ભાવિ મિશન અંગે માહિતગાર થશે.

દીકરીની આ સિદ્ધિ બાદલ ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિરના પુજ્ય મહંત સ્વામી આદિ સમસ્ત સંત મંડળ, સાં.યો.મહંત સામબાઈ ફઈ સહ સમસ્ત સાં.યો. બહેનોએ અંતરના રૂડા આશીર્વાદ સહ શુભેચ્છાઓ પાઠવેલ છે. સાથે મંદિરનું ટ્રસ્ટી મંડળ, સંસ્થાના પ્રમુખશ્રી રામજીભાઇ વેકરીયા, મંત્રીશ્રી પ્રવિણભાઇ પિંડોરીયા, સંચાલક મંડળ, સંસ્થાના આચાર્યા દક્ષાબેન પિંડોરીયા સહ સ્ટાફ પરિવાર તેમજ દેશ-વિદેશના હરિભક્તો દ્વારા અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ છે.

## સાયબર ક્રાઇમ ગુન્હા અટકાવવા બાબતે સાયબર અવેરનેસ પ્રોગ્રામ યોજાયો

પોલીસ ઈન્સપેક્ટરશ્રી એલ.પી.બોડાણા સાહેબ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન બોર્ડર રેન્જ ભુજના માર્ગદર્શન મુજબ પો.સ.ઈ. સુશ્રી પી.આર.જાદવ અને એ.એસ.આઇ. ડી.આર.કટારિયા દ્વારા આજરોજ તા.૧૭/૧૧/૨૦૨૫ ના શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર મિરઝાપર ભુજ-કચ્છ ખાતે સાયબર ક્રાઇમ અવેરનેસ કાર્યક્રમ યોજાઇ ગયો.

એમ.આઇ.બાયડ શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરના ઉપપ્રમુખશ્રી કાનજીભાઇ મેપાણી,



મંત્રીશ્રી પ્રવિણભાઈ પિંડોરીયા, સહમંત્રીશ્રી લક્ષ્મણભાઈ હિરાણી તેમજ શાળાના અન્ય ટ્રસ્ટીગણ, સંચાલન શિક્ષિકાબેન ઊર્જાબેન તન્ના અને આચાર્યશ્રી દક્ષાબેન હાજર રહેલ. સદર કાર્યક્રમમાં આશરે ૧૦૦૦ થી વધુ વિદ્યાર્થીનીઓ, વાલીઓ તથા સ્ટાફની ઉપસ્થિતિમાં ખાસ કરીને આજના સમયમાં ચાલી રહેલ ડિજીટલ અરેસ્ટ જેવા સાયબર ક્રાઈમ વિશે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા જાણકારી આપવામાં આવી તથા સાયબર ક્રાઈમથી બચવા શું સાવધાની રાખવી, સાયબર ક્રાઈમનો બનાવ બને ત્યારે વિના વિલંબે ૧૯૩૦ પર કોલ કરી અથવા **www.cybercrime.gov.in** વેબસાઈટ પર જઈ કમ્પલેઈન કરી જિલ્લામાં કાર્યરત સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનનો તાત્કાલિક સંપર્ક કરવા સમજ આપવામાં આવી.

## નમ્ર અપીલ

સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન દ્વારા જણાવવામાં આવે છે કે આપના નહી ઓનલાઈન ટ્રેડીંગનાં કિસ્સામાં સામેવાળા ગ્રાહક અથવા વ્યાપારીને વેરીફાય કર્યા વગર નાણાંકીય લેવડ-દેવડ કરવી નહીં તથા કોઈ અજાણ્યા ઊઈ પર ક્લિક કરવું નહીં. તેમજ આપની જાણ માટે કે **UPI** પીન ફક્ત ને ફક્ત રૂપિયા ટ્રાન્સફર કરવા માટે એપમાં એન્ટર કરવાનો હોય છે. રૂપિયા રીસીવ કરવા માટે **UPI** પીન એન્ટર કરવાનો હોતો નથી તેની તકેદારી રાખવી. આવા કિસ્સામાં આપ નાણાંકીય છેતરપીંડીનો ભોગ બની શકો છો. ટૂંકા સમયગાળા માટે લોન આપવાનું જણાવતી ઈન્સટન્ટ લોન એપ ડાઉનલોડ કરવાનું ટાળો.

"સાયબર ક્રાઈમથી બચવા માટે સાવચેતી એ જ સલામતી"

**CYBER CRIME HELPLINE NUMBER-1930**

**NCCRP પોર્ટલ www.cybercrime.gov.in**

## જાહેર વિજ્ઞપ્તિ

આથી સર્વે સત્સંગી, હરિભક્તો તથા વાચકોને જણાવવાનું કે, હાલમાં જ ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિર દ્વારા ભુજ મંદિરના પટાંગણમાં ખાસ ઇન્ફોર્મેશન (માહિતી) ઓફિસનો પ્રારંભ કરવામાં આવેલ છે. જેનો ઉદ્દેશ્ય સર્વે સત્સંગીઓને સંસ્થા સંબંધિત જરૂરી સામાન્ય માહિતી આપી એક સુચારુ વ્યવસ્થા ગોઠવવા માટેનો છે.

આ ઓફિસમાંથી દેશ તેમજ વિદેશના હરિભક્તો મંદિર દ્વારા કરવામાં આવતી ઉતારા, ભોજનપ્રસાદ, થાળ-રસોઇ, દાન-ભેટ, ઉત્સવ-સમૈયા જેવી બાબતોની માહિતી ઓફિસના નીચે આપેલ મોબાઇલ નંબર ઉપર સંપર્ક કરીને મેળવી શકશો.

કચ્છ જિલ્લાની બહારથી દર્શનાર્થે આવતા હરિભક્તો અગાઉથી ભોજનપ્રસાદની વ્યવસ્થા માટે ઓફિસનો સંપર્ક કરી આવવાની તારીખ, સમય તેમજ ભોજન પ્રસાદ લેનાર પ્રવાસીઓની સંખ્યાની નોંધ કરાવી શકશે. જેથી અત્રે યોગ્ય વ્યવસ્થા થઇ શકે, તો સર્વે સત્સંગી હરિભક્તો માહિતી ઓફિસના નીચે મુજબના નંબર ઉપર સંપર્ક કરી પોતાને જરૂરી વિગતો મેળવવા અનુરોધકરવામાં આવે છે.

**ભુજ મંદિર માહિતી ઓફિસ મોબાઇલ નંબર - ૮૨૩૮૮૨૩૮૭૪** **લી. કોઠારી સ્વામી**

# ભચાઉમાં ભગવાન

લેખક - સાધુ સંતસ્વરુપદાસ

બાળ મિત્રો ! જય શ્રીસ્વામિનારાયણ, ભચાઉના જેરામ ભક્ત આદી ભક્તોને ભગવાન શ્રીહરિનો સર્વોપરી નિશ્ચય કેમ થયો ? તે વાત આજ આપણે સાંભળીશું ને પાકો નિશ્ચય કરીશું.

ભગવાન શ્રીહરિ કચ્છના વાગડ પ્રાંતમાં વિચરણ કરતા કરતા ભચાઉ શહેરમાં પધાર્યા. વણિક ભક્ત વાઘા શાહને ઘેર ઊતર્યા. ભગતે સરસ થાળ તૈયાર કરી શ્રીહરિને જમાડ્યા. પછી ત્યાં અનેક જીવોનું કલ્યાણ કરવા સારું દરબારમાં પધાર્યા. ત્યાં સભા થઈ. ગામમાં જે સારા માણસો હતા, તેમણે સાંભળ્યું કે "સ્વામિનારાયણ દરબારમાં સભા ભરી છે. તે આપણે સર્વે સભામાં મહારાજની વાતો સાંભળવા જઈએ. વાતો સાંભળી પ્રશ્ન પૂછીએ. ને એ ભગવાન કહેવાય છે, તો કાંઈક પરચો પણ માગશું. તે જો ભગવાન હશે તો જણાઈ આવશે. અને હા, આપણા ગામમાં જે ફકીર છે તે બહુ હોશિયાર છે, તેને પણ સાથે લઈ જઈએ." પછી તે ફકીરને લઈને જે સારા સારા ડાહ્યા માણસો હતા, તે ભેળા થઈને સભામાં ગયા.

તે સર્વે લોકો ભગવાન શ્રીહરિની આગળ નાળિયેરની ભેટ મુકી પગે લાગીને સભામાં બેઠા. પછી ખીમા પટેલે શ્રીહરિને કહ્યું : "હે મહારાજ ! આ અમે સર્વે ભગવાનની વાતો સાંભળવા આવ્યા છીએ, માટે વાતો કરો."

તે સમયે શ્રીજીમહારાજે મયારામ ભટ્ટને કહ્યું : "માયારામ ! ભગવાનની વાતો કરો." ત્યારે ખીમા પટેલે કહ્યું : "હે મહારાજ ! ભટ્ટ-બ્રાહ્મણોની વાતો તો અમે આખી ઉંમર સાંભળી છે. અમે તો મહારાજ ! તમારા મુખની વાતો સાંભળવા આવ્યા છીએ, તે તમે ભગવાનની વાતો કરો." લોકોની ઈચ્છા પૂરી કરવા સ્વયં શ્રીહરિએ ભગવાનની અનેક પ્રકારની વાતો કરી. પછી તે લોકોએ કહ્યું : "હે મહારાજ ! અમે સાંભળ્યું છે કે તમે સમાધિ કરાવો છો ? તે અમે જોવા આવ્યા છીએ; અને અમને પણ સમાધિ કરાવો." પછી નિર્લોભાનંદ સ્વામી જે જેરામભક્ત નામે, તે સમયે ધોળે લૂગડે ઘેર હતા. તેને શ્રીજીમહારાજે કહ્યું : "તમે એકાંતે બેસીને ધ્યાન કરો તો સમાધિ થાય." પછી તે ભક્ત એકાંતે જઈને ધ્યાન કરવા બેઠા. થોડી વાર પછી શ્રીહરિએ તેને બોલાવ્યા : "ભગત ! હવે અહીં આવો." ત્યારે તે ભગત ઊઠીને શ્રીહરિ પાસે આવ્યા.

શ્રીહરિએ તેમને પૂછ્યું : "તમે ધ્યાનમાં શું દીઠું ?" ત્યારે તે ભક્તએ કહ્યું : "બે સ્ત્રીઓ લડતી હતી, તેમાં મારું મન ગયું હતું; તેથી મેં તો કાંઈ પણ દીઠું નહિ." શ્રીહરિએ કહ્યું : "તમે તો ખીચડી ને કાંકરા ભેળા કરીને ખાઓ છો, તેથી ખીચડીનો સ્વાદ ક્યાંથી આવે ?" ત્યારે તે ભગતે કહ્યું : "હે મહારાજ ! તમે તો ભગવાન છો, તે તમારી પાસે ખીચડી ને કાંકરા નોખા કરવાને વાસ્તે આવ્યા છીએ. તે જેવી રીતે નોખા થાય તેવી રીત બતાવો."

મંદ મંદ હસતા શ્રીહરિએ કહ્યું : "તમે કયા દેવની ઉપાસના કરો છો ?" ભગતે કહ્યું : "અમે તો શ્રીરામચંદ્રજીની ઉપાસના, કરીએ છીએ." શ્રીજીમહારાજે કહ્યું : "તમે શ્રીરામચંદ્રજીની મૂર્તિ કયારેય જોઈ છે ? નહિંતર અમે તમને શ્રીરામચંદ્રજીની મૂર્તિ બતાવીએ જે, તે આવા હતા. જેથી તમને તે મૂર્તિનું ધ્યાન કરવું સરળ રહે." ભગવાન શ્રીહરિની વાણી સભામાં લોકો સાંભળી રહ્યા હતા. પછી શ્રીજીમહારાજે પોતાનાં સર્વે અંગો બતાવ્યાં. તેમાં પ્રથમ તો સોળે ચિહ્ન સહિત ચરણારવિંદ દેખાડ્યાં. અને કહ્યું 'શ્રીરામચંદ્રજીનાં ચરણારવિંદ ઊર્ધ્વરેખા આદિ સોળે ચિહ્ન સહિત આવાં જ હતાં. તથા આ પિંડી, ઢીંચણ ને સાથળ તે પણ આવાં જ હતાં. અને પેટ ને છાતી તે પણ આવાં ને આવાં જ હતાં. તથા મુખારવિંદ, નેત્ર, નાસિકા અને મસ્તક તે પણ આવાં ને આવાં જ હતાં. અને તે શ્રીરામચંદ્રજીનું સ્વરૂપ પણ આવું જ હતું. તે એક એક અંગ ધારીને ધ્યાન કરવું.' શ્રીરામચંદ્રજી તથા શ્રીહરિના એક્યપણાની આ વાત સાંભળીને ભગતે કહ્યું : "હે મહારાજ ! જેવી રીતે તમે ધ્યાન કરવાનું કહ્યું તેવી રીતે

ધ્યાન કરનારને એ સરળ માર્ગ છે.'' એમ કહીને પગે લાગીને બધા ઊભા થયા.

પછી ફકીર જે સાથે આવ્યો હતો તેને પૂછ્યું : ''તમે શું નક્કી કર્યું ? સ્વામિનારાયણ ભગવાન છે કે નહિ ?'' તે ફકીરે કહ્યું : ''હું અમારા પીર, ફકીર ને ઓલીયા તેને દર્શન કરવા જ્યારે જાઉં, ત્યારે મારી લાકડીને લગારેક જમીન ઉપર પછાડું તો જેમ બંદૂકનો ભડાકો થાય તેમ ભડાકો થાય છે. અને આ સ્વામિનારાયણ આગળ તો મેં ત્રણ વાર લાકડીને પછાડી તો પણ જરાએ બોલી નહિ. અને સ્વામિનારાયણ તો હિન્દુ છે ને તમે પણ હિન્દુ છો. માટે તમને ગમે તો માનો અથવા ન માનો, પણ મારી લાકડી સ્વામિનારાયણ આગળ બંધ થઈ ગઈ. તે જોઈને મને અતિ આશ્ચર્ય લાગ્યું. માટે મારા અંતરમાં મને અલ્લા કહે છે કે સ્વામિનારાયણ તો નિશ્ચય ખુદા છે, તે મને તો પરચો આપ્યો.''

પછી તે સર્વે માણસો શ્રીહરિને પગે લાગીને ઘેર ગયાં. પછી શ્રીહરિએ અખંડાનંદ સ્વામીને બોલાવીને કહ્યું : ''આ ભચાઉ ગામમાં સત્સંગ થાય એમ છે. માટે તમે દસ દિવસ અહીં રહીને સત્સંગ કરવો. અમારે ભુજ જાવું છે, તે અત્યારે જ નીકળીશું.'' એમ કહીને શ્રીહરિ ભચાઉથી ચાલ્યા ને અખંડાનંદ સ્વામી ત્યાં રહ્યા.

પછી સ્વામીનો નિત્ય સમાગમ કરી જે માણસો શ્રીહરિના દર્શન કરવા આવ્યા હતા તે સર્વે સત્સંગી થયા. એક દિવસ અખંડાનંદ સ્વામીને તે સત્સંગીઓએ કહ્યું : ''શ્રીજીમહારાજે અમારા ઉપર કૃપા કરીને અમને ધ્યાન શીખવતાં કહ્યું હતું કે શ્રીરામચંદ્રજીનું સ્વરૂપ આવું હતું.' એમ કહીને પોતાનાં ચરણારવિંદ સોળે ચિહ્ન સહિત દેખાડ્યાં. પિંડી, ઢીચણ, સાથળ ને ઉદર, છાતી, મસ્તક, નાસિકા ને નેત્ર એ સર્વે અંગ બતાવ્યાં, પણ અમને શ્રીહરિ જે સમજાવવા માંગતા હતા એ વાત સમજ્યામાં જ ન આવી. પણ જ્યારે તમારી વાતો સાંભળીને સત્સંગ કર્યો ત્યારે એ વાત સમજયામાં આવી જે, રામચંદ્રજી તથા શ્રીકૃષ્ણાદિક જે ભગવાનના અવતાર છે તે જ શ્રીજીમહારાજ છે.

તે અમારા ઉપર કૃપા કરીને તમને અહીં રાખ્યા. તે તમે શ્રીહરિનો મહિમા સમજાવી અમને કાળના મુખમાંથી કાઢ્યાં. નહિ તો સંસાર સાગરના પ્રવાહમાં તણાઈ જાત ને આ મનુષ્ય દેહ વૃથા જાત, ને જમના માર ખાઈને મરી જાત. લખચોરાસીના ફેરા ફરતાં પાર ન આવત. માટે શ્રીજીમહારાજે અમારી ઉપર બહુ કૃપા કરીને સત્સંગ કરાવ્યો. તે હવે કલ્યાણનો નિશ્ચય થયો જે, 'અમારું કલ્યાણ થયું.' તે પ્રતાપ શ્રીજીમહારાજનો છે.''

## -: જ્ઞાન સરિતા :-

### -: ચોરી ન કરીએ :-

છપૈયામાં ધર્મદેવના ઘરથી થોડે દૂર એમની એક વાડી હતી. વાડીમાં સરસ મજાના ફણસનાં ઝાડ હતાં. રામપ્રતાપભાઈ એની સંભાળ રાખે.

એક વાર બે ચોરને એ ફળ ચોરવાનું મન થયું. એક રાત્રે બંને ચોર વાડીમાં પેઠા. ફણસના ઝાડ પર ચઢ્યા. ઘનશ્યામ પ્રભુ આ બધુ ઘર બેઠા જાણે. જેવાં તેઓ ફણસ તોડવા ગયા ત્યાં ચમત્કાર થયો ! તરત જ બંને ચોરના હાથ ફણસ સાથે ચોંટી ગયા. ખૂબ પ્રયત્નો કર્યા પણ હાથ ઊખડે જ નહિ. એમ કરતાં સવાર થઈ ગઈ. સવારે ધર્મદેવ અને રામપ્રતાપભાઈ ઘનશ્યામને સાથે લઈ વાડીએ આવી પહોંચ્યા, તેમને જોઈ ચોરોના મોતિયા જ મરી ગયા.

રામપ્રતાપભાઈએ ચોરોને ઝાડ પર જોયા એટલે હાથમાં લાકડી લઈને મારવા દોડ્યા. પરંતુ ઘનશ્યામે તેમને અટકાવ્યા. ચોરોએ દીલગીર થઈ માંફી માંગી. ચોરોની આજીજી સાંભળી ઘનશ્યામ પ્રભુએ તેમના પર દૃષ્ટિ કરી. તેથી તેમના હાથ તરત જ છૂટી ગયા. બંનો ચોરો નીચે ઊતાર્યા. ધર્મદેવ,

રામપ્રતાપભાઈ અને ઘનશ્યામને પગે લાગ્યા. પછી ઘનશ્યામે તેમને શીખ આપી કે, ચોરી કરવી એ પાપ છે. હકનું લેવું અણહકનું ક્યારેય ન લેવું. કોઈની પડી વસ્તુ પણ ન લે એ સાચો માણસ કહેવાય. પછી બંને ચોરોને એક એક ફણસ આપી જવાની રજા આપી.

મિત્રો, શિક્ષાપત્રીના ૧૭માં શ્લોકમાં લખ્યું છે કે ધર્મને માટે પણ ક્યારેય ચોરી ન કરવી. કોઈ પણ વસ્તુ જોઈતી હોય તે તેના માલિકને પૂછીને લેવી. ન પૂછીએ તો એ ચોરી કહેવાય. માટે ક્યારેય ચોરી કરવી નહિ.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| હ | દ | સ | નં | જા | { | | | | | |
| ત | હા | ર | મ | ભા | { | | | | | |
| પી | ન | દ | ચ | ગો | { | | | | | |
| સ | પ | હં | ર | મ | { | | | | | |
| ત્ત | રૂ | મ | પૂ | ષો | { | | | | | |
| હં | ત્વ | મ | અ | મ | { | | | | | |
| ધ | સ્કં | ચ | મ | પં | { | | | | | |
| ભ | ઋ | વ | ષ | દે | { | | | | | |
| દા | દ | કું | નં | મુ | { | | | | | |
| ખે | ત | ઉ | ર | મુ | { | | | | | |


ભુજ મંદિર સંસ્થાપિત, રાપર ગુરુકુળ સંચાલિત

**શ્રીસ્વામિનારાયણ વૈદિક ગુરુકુલમ્**

ચાંદરાણી (તા.અંજાર-કચ્છ)



મહંત સ.ગુ.પુ.
સ્વામી ધર્મનંદનદાસજી



સ.ગુ.પુ. સ્વામી
બાલકૃષ્ણદાસજી

## પ્રથમ સોપાન વેદવિધાલય

# ઉદ્ઘાટન સમારોહ આમંત્રણ

શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયમાં તેમજ કચ્છમાં વૈદિક વિદ્યાની સાથે આધુનિક વિદ્યાના સમન્વય સહિતનું, વિવિધ કળા-કૌશલ્યોનું શિક્ષણ, ઉપરાંત મહાભારત, રામાયણ, ઉપનિષદના જીવનોપયોગી પાઠોના અભ્યાસની સાથે ગાય, પ્રકૃતિ તથા કૃષિ વિષયક પ્રાયોગિક (પ્રેક્ટિલ) જ્ઞાન સાથેના શિક્ષણનો મંગલ પ્રારંભ...

**સંવત ૨૦૮૨ પોષ વદ તેરસથી અમાવસ્યા દિનાંક ૧૬ થી ૧૮ જાન્યુઆરી ૨૦૨૬ (શુક્ર, શનિ, રવિવાર)**

દરરોજ બપોર પછી ૪થી૭ કલાક દરમિયાન શ્રીમદ્ ભાગવત કથા સાથે વેદશિક્ષા,
બાળકોનો સર્વાંગીણ વિકાસ તેમજ સાંસ્કૃતિક પરંપરા વિષયો ઉપર વિદ્વાનોના પ્રેરક ઉદ્બોધનો.
વિશિષ્ટ વ્યક્તિઓના મનનીય પ્રવચનો તેમજ પૂજ્ય સંતોના રૂડા આશીર્વાદ પ્રાપ્ત થશે.

દિનાંક ૧૮ ના રોજ સવારે ૯થી ૧૨ દરમિયાન ભુજ મંદિરના મહંત સ.ગુ. સ્વામી ધર્મનંદનદાસજી તથા રાપર મંદિરના મહંત સ. ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજી તથા પૂજ્ય સંતો, દાતાઓ તેમજ વિશિષ્ટ વ્યક્તિઓની ઉપસ્થિતિમાં ગુરુકુલમ્ પ્રથમ સોપાન વેદવિદ્યાલયનું મંગલ ઉદ્ઘાટન થશે.

**સૌ ભાવિકો ભાઇઓ બહેનોને પધારવા હાર્દિક આમંત્રણ પાઠવીએ છીએ.**




## શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

૨૦૧ - કરસનભાઈ ઝીણાભાઈ જેસાણી ધ.પ.અ.નિ.રતનબાઈ, સુત ભીમજીભાઈ ધ.પ.ધનબાઈ સપરિવાર શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - બળદિયા

૨૫૧ - નિતીન હીરજી વરસાણી, હ હીરજી કરસન વરસાણી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - નારાણપર-રાવરી હાલે-યુ.એસ.એ. (અમેરિકા)

૨૦૦ - ખીમજી લાલજી રાબડીયા ખેતીવાડીમાં દાડમનો પાક સારો થવાથી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - સરલી

૨૫૧ - નૈતિક હિતેશ હિરાણી જન્મ દિવસ નિમિત્તે શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - ભક્તિનગર-માનકુવા

૨૫૧ - મૈત્રી હિતેશ હિરાણી જન્મ દિવસ નિમિત્તે શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - ભક્તિનગર-માનકુવા

RNI NO. GUJ/GUJ/2001/5643 Shree Swaminarayan Dharmasandesh POSTAL REGD. NO. GKCH-158/2024-2026
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ/STG OFFICE WPP LIC NO. G-PMG-RJT/011/2025/UPTO 31-12-2025

## માંડવી પિયાવા વાડી વિસ્તારમાં નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરના મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ દિનાંક ૭ થી ૧૧ નવેંબર ૨૦૨૫ સુધી ધામધૂમથી સંપન્ન થયો. માંડવી









